॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

ઓગષ્ટ ૨૦૧૪

રૂા. ૫/૦૦






શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજને બ્રિટનની રાણી એલીઝાબેથ ૩ દ્વારા 'મોસ્ટ ફેવરીટ ટેમ્પલ'નો એવોર્ડ આપાયો.

વધુ માહિતી અંદરના પાને



**શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજમાં હિંડોળા મહોત્સવ દર્શન વિશેષ આયોજનના ભાગરૂપે શ્રી સહજાનંદ એરલાઈન્સ - વિશાળ પ્લેન બનાવી અંદર ૧ ૨ હિંડોળા તૈયાર કરી ઠાકોરજીને ઝુલાવ્યા હતા. જે કચ્છનું એક નજરાણું બની ગયું છે અને હજારો ભાવીકો દર્શનનો લ્હાવો લીધો હતો. - ભુજ**

# કચ્છી નવાવર્ષારંભે ભુજ પ્રસાદી મંદિર દ્વારા ભવ્ય જગન્નાથભગવાનની રથયાત્રા નીકળી હતી. તેની તસ્વીરી ઝલક.

















॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः । रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकैः ॥ ૭

## ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક



### લેખકોને ખાસ વિનંતી

- **આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.**
- **લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.**
- **લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.**
- **કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.**
- **ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.**
- **કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.**
- **સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.**

| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

- **અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.**
- **પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.**

પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૨૦ કુલ્લ અંક ૨૦૯

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ - ૧૪ અંક - ૮ - ઓગષ્ટ – ૨૦૧૪
સળંગ અંક - ૩૪૪

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી

**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**

**શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય**
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧ ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧
**E-mail :** sandesh@bhujmandir.org • info@bhujmandir.org
**website :** www.bhujmandir.org

# તંત્રીની કલમે

'ઉત્સવ પ્રિય: હિંમાનવા :' માનવ સ્વભાવથી જ ઉત્સવપ્રિય છે. શ્રી સ્વામિનારાયણ ભગવાને માનવના આ સ્વભાવને પારખીને જીવનમાં રહેલી વિષમતાઓ દૂર કરવા ઉત્સવો ઉજવવાનો ઉપદેશાત્મક આદેશ આપેલો છે. યંત્રવત્ જીવન જીવતો આજનો માનવ અર્થોપાજન માટે નોકરી, કામ–ધંધા અને રોજગારમાં એટલો તો રચ્યો પચ્યો અને અટવાયેલો રહે છે કે તેનું જીવન શુષ્ક થઈ ગયું છે. તેમાં થોડી હળવાશ અનુભવવા તેમજ જીવનની જડતાને દૂર કરી ચેતનવંતુ બનાવવા ઉત્સાહભેર ઉત્સવો ઉજવવા આવશ્યક છે. ઉત્સવો ઉરમાં ઉમંગનો સંચાર કરે છે.

અત્યારે શ્રાવણ માસ ચાલે છે. શ્રાવણમાસ એટલે ઉત્સવોનો માસ. આ માસમાં જન્માષ્ટમી જેવા ધાર્મિક, રક્ષાબંધન જેવા સામાજિક અને સ્વાતંત્ર્ય દિવસ (૧૫મી ઓગસ્ટ) જેવા રાષ્ટ્રીય એવા અનેક ઉત્સવો આવે છે. પરંતુ એથીય વિશેષ તો આપણા સંપ્રદાયમાં હિંડોળા મહોત્સવનું અધિક મહત્ત્વ છે.

'સારંગ હિંડોળે શ્યામ બિરાજે, ઝૂલે હરિ જમુનાને તીરે રે,
રેશમ દોરી લઈ રંગભીની રાધા, ઝુલાવે ધીરે ધીરે રે.' (પ્રેમાનંદ સ્વામી)

આનંદની ઘડીએ પ્રિયજન પ્રત્યેના ઉત્કટ પ્રેમની અભિવ્યક્તિ ભાગવતમાં પણ ગોપીઓ જ્યારે શ્રીકૃષ્ણને વૃંદાવનની કુંજગલીઓમાં વૃક્ષની ડાળીએ ફૂલોનો હિંડોળો બાંધીને ઝુલાવતી એ પ્રસંગ દ્વારા વર્ણવી છે. શ્રીજી મહારાજ પ્રત્યેનો પ્રેમભાવ અને સમર્પિત શ્રધ્ધાને અભિવ્યક્ત કરવા સંતો, હરિભક્તો, સાં.યો. અને ગૃહસ્થ બહેનો જાતજાતના અને ભાતભાતના વિવિધ વસ્તુઓ – સામગ્રીઓથી ભિન્ન ભિન્ન પ્રકારના હિંડોળા કળા, કસબ અને કામગીરીથી તન,મન, ધન અને લગન સાથે એવા તો તૈયાર કરે છે કે કળાની કવિતાનું સર્જન થઈ જાય છે. જેમાં તેમનાં શ્રમ અને શ્રધ્ધાનાં દર્શન કરી હૃદય હર્ષવિભોર થઈ જાય છે. હૈયાના હેતથી હરિવરને હિંડોળામાં ઝુલાવીને હર્ષોલ્લાસ સાથે ધન્યતા અનુભવે છે.

શ્રાવણમાસ એટલે શિવની આરાધનાનો માસ. શંકર ભગવાન ભોળાનાથ છે . કહેવાય છે ને કે 'ભોળાનો ભગવાન' ભોળા ભક્તનું અહિત ભગવાન ક્યારેય પણ થવા દે નહીં. ભોળો એટલે જેનાં હૃદયમાં કપટ નથી, કલેશ નથી, વેર નથી, વૈમનસ્ય નથી અને તે સદાચારી, સહૃદયથી, નિ:સ્વાર્થી, નિખાલસ, નિર્દોષ, નિર્મળ, પરોપકારી, પ્રેમાળ અને પ્રભુપરાયણ છે તે ભોળો. આવા ભોળાના ભગવાન છે.

શ્રાવણ માસ એટલે ભક્તિનો માસ. સંપૂર્ણ શ્રધ્ધા અને સમર્પણ સાથેની ભક્તિ જીવને પ્રભુ પ્રત્યે પ્રીતિ કરાવે છે. માનવે જીવનની ક્ષણભંગુરતા સમજીને મળેલી દરેક પળને પ્રભુભક્તિમાં જોડી દેવી જોઈએ નહિંતર પછી પસ્તાવાનો વારો આવે છે, મળેલું ઉત્તમ જીવન પ્રમાદ અને વિલાસિતામાં વેડફાઈ જાય છે.

"તુને રાત ગંવાઈ સોય કે, દિવસ ગંવાયા ખાય,
તેરા જનમ અમોલ થા, કોડી બદલે જાય."

આવું ન બને તે માટેની જાગૃતિ કેળવો. શ્રાવણ માસથી શીખ લઈને ભક્તિરસમાં તરબોળ થઈ જાય. શ્રાવણ માસમાં મેહુલિયો વર્ષા રૂપે અવનિ પર અભિષેક કરે છે તે રીતે તમે હૃદય પર ભક્તિરસનો અભિષેક કરો. સમયને સમજો,વાસ્તવિકતાને પારખો અને ભગવાન શ્રી સ્વામિનારાયણનું શરણું સ્વીકારી જીવન વ્યતીત કરો.

જયશ્રી સ્વામિનારાયણ !

# વેદથી વચનામૃત શાસ્ત્રાવતરણનું પ્રયોજન



## વેદોપબૃંહણ રૂપ ઉપનિષદ્ ગ્રન્થ યુગ

લેખાંક-૩૩

લેખક : ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી



પ્રાજ્ઞસ્તૃતીયઃ પાદઃ।

(૩) પ્રાજ્ઞ આત્માનો ત્રીજો અંશ છે. આ (સુષુપ્તિ) અવસ્થામાં કંઇ પણ ઇચ્છતો નથી. કંઇ પણ સ્વપ્ન જોતો નથી. તે એક સુષુપ્તિ અવસ્થામાં ચક્ષુરાદિ ઇન્દ્રિયોથી રહિત પોતે એકાકી પરમાત્માની સાથે આનંદ ભોગવનારો ચૈતન્ય એ જ જેનું મુખ છે એવો પ્રાજ્ઞ તે તૃતીય અંશ છે.

"આ જીવ તમોગુણ પ્રધાનપણે વર્તતો હોય અને તે સમયમાં જે કર્મ કરે તે તેનું ફળ તે સુષુપ્તિ અવસ્થા છે" (ગઢડા પ્ર.વ.૬૫મું)

અહિં એક પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે – સુષુપ્તિ અવસ્થામાં જીવાત્મા પરમાત્માની સાથે આનંદ ભોગવે છે અને તેની સાથે એકાકી ભાવને પામે છે. એકાકી ભાવને પામ્યા પછી જીવાત્મા સંસારમાં પાછો શા માટે અને કેવી રીતે આવે છે ?

આ પ્રશ્નનો ઉત્તર સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણ વચનામૃતમાં સ્પષ્ટ કરતાં કહે છે કે – " સુષુપ્તિ અવસ્થાને આ જીવાત્મા પામે છે ત્યારે જેવી પાણાની શિલા હોય તે જેવો જડ થઇ જાય છે અને એને કોઇ પ્રકારનું જ્ઞાન રહેતું નથી જે, " હું પંડિત છું કે મૂર્ખ છું કે આ કામ કર્યું છે કે આ કરવું છે કે આ મારી નાત છે કે આવો મારો વર્ણ છે કે આવો મારો આશ્રમ છે કે આ મારું નામ છે કે આ મારું રૂપ છે કે હું દેવ છું કે મનુષ્ય છું કે બાળક છું કે વૃદ્ધ છું કે ધર્મિષ્ઠ છું " ઇત્યાદિક કોઇ પ્રકારનું જ્ઞાન રહેતું નથી અને એવી રીતનો જ્યારે આ જીવ થઇ જાય છે ત્યારે જે ભગવાન છે તે એને જ્ઞાનશક્તિ કરીને સુષુપ્તિમાંથી જગાડીને એને એની સર્વે ક્રિયાનું જ્ઞાન આપે છે., તેને જ્ઞાનશક્તિ કહીએ; અને એ જીવ જે જે ક્રિયાને વિષે પ્રવર્તે છે તે ભગવાનની જે ક્રિયાશક્તિ તેનું અવલંબન કરીને પ્રવર્તે છે, તેને ક્રિયાશક્તિ કહીએ; અને એ જીવ જે જે કોઇ પદાર્થની ઇચ્છાને પ્રાપ્ત થાય છે તે પરમેશ્વરની ઇચ્છાશક્તિને અવલંબને કરીને પ્રાપ્ત થાય છે, તેને ઇચ્છાશક્તિ કહીએ." (ગઢડા પ્ર. વ. ૬૫મું)

આ અવસ્થામાં જીવાત્મા બ્રહ્મની સાથે લીન થયા પછી પણ પોતાના કર્મે કરીને અને ભગવાનની ઇચ્છાથી પાછો પોતાના શરીરને વિષે આવીને પોતાની આવરદા પુરી કરે છે.

શાન્તં શિવમદ્વૈતં ચતુર્થં મન્યન્તે સ આત્મા સ વિજ્ઞેયઃ।

(૪) તુરીયાવસ્થા. (વચનામૃતમાં આ અવસ્થાને 'ઉપશમ' અવસ્થા કહી છે) આ અવસ્થામાં જીવાત્મા જાગ્રત, સ્વપ્ન અને પ્રજ્ઞા (સુષુપ્તિ) ત્રણે અવસ્થાથી રહિત ચોથી અવસ્થા (ચોથું પાદ) કહેવામાં આવે છે. આ અવસ્થા બધા જીવાત્માઓને પ્રાપ્ત થતી નથી. માત્ર યોગિઓ ૐકારનું ધ્યાન કરી કરીને યોગનિદ્રાના રૂપમાં અનુભુતી કરી શકે છે. આ અવસ્થામાં જીવાત્મા સંપૂર્ણ સુખમય બ્રહ્માનુભવ કરે છે.

"ભગવાનની મૂર્તિનું ચિંતવન કરતે કરતે ઉપશમપણે કરીને લય થાય છે" (ગઢડા પ્ર. વ. ૬૫મું)

આ ઉપનિષદ્‌માં જીવાત્માઓના ચાર ચરણોના વર્ણનનું તાત્પર્ય છે કે મનુષ્યને પરબ્રહ્મની પ્રાપ્તિ માટે ઉત્તરોત્તર ઉચ્ચ સ્થાનમાં પ્રવેશ કરવો જોઇએ અને ઇન્દ્રિયોની પ્રવૃત્તિને અંતર્મુખી બનાવવી જોઇએ. જાગ્રત અવસ્થાથી સ્વપ્ન અવસ્થા સુધી અને સ્વપ્નાવસ્થાથી પ્રજ્ઞા(સુષુપ્તિ) અવસ્થા સુધી અને પ્રજ્ઞાથી તુરીયાવસ્થા(બ્રહ્માવસ્થા) સુધી પહોંચવું જોઇએ.

આત્માની ચારે અવસ્થાઓનું વિશેષ વિવેચન કરતાં કહે છે – જાગ્રત અવસ્થામાં જીવાત્માના પહેલા ચરણમાં વૈશ્વાનરમાં ૭ અંગ અને ૧૯ મુખ છે. જેના દ્વારા આ સ્થૂલ જાગ્રત્ અવસ્થામાં ભોગ ભોગવી શકાય છે. ( સાત અંગોનું તાત્પર્ય એ છે કે – પરબ્રહ્મના સંદર્ભમાં સાત લોક છે, અને વ્યષ્ટિરૂપમાં મનુષ્યના શરીરના સાત ભાગો (૧) મસ્તક (૨) મુખ (૩) છાતી (૪) પેટ (૫) હાથ (૬) પગ (૭) ઉપસ્થ ઇદ્રિય થાય છે. ઓગળીસ મુખોનું તાત્પર્ય એ છે કે – પાંચ જ્ઞાન ઇન્દ્રિયો, પાંચ કર્મ ઇન્દ્રિયો, પાંચ પ્રાણ અને ચાર અંતઃકરણ મન,બુદ્ધિ, ચિત અને અહંકાર છે, જે પોતાની ક્રિયાઓ દ્વારા સ્થૂલ જગતના વિષયોને ભોગવે છે.

જીવાત્માનું બીજુ ચરણ તેજસ્ (સ્વપ્ન) પ્રકાશમય હિરણ્યગર્ભના રૂપમાં વર્ણન કરવામાં આવ્યું છે. આ અવસ્થામાં સાત અંગો અને ઓગળીસ મુખ વાળા છે. આ અંગો અને મુખો દ્વારા સૂક્ષ્મ જગત્ અર્થાત્ સ્વપ્નાવસ્થામાં ભોગોને ભોગવે છે. (તેજસ્ અને વૈશ્વાનરમાં એટલું જ અંતર છે કે તેજસ્ અવસ્થામાં ઇન્દ્રિયો અને અંગોની ચેષ્ટા અંતર્મુખી થઇ જાય છે. હાથ–પગ કોઇ પણ પ્રકારની ચેષ્ટા કર્યા વિના યોગમાં લીન થઇ જાય છે અને પેટ ભોજન કર્યા વિના પ્રાણાયામમાં પ્રાણ વાયુને ગ્રહણ કરે છે તેમજ મન સહિત ચાર ઇન્દ્રિયો હૃદયરૂપિ ગુફામાં પ્રવેશ કરી જાય છે.)

જીવાત્માનું ત્રીજું પાદ (ચરણ) આનન્દમય પ્રાજ્ઞ (સુષુપ્તિ) છે. જ્યારે જીવાત્મા સુષુપ્તિ અવસ્થામાં હોય છે. અર્થાત્ કોઇ પણ પ્રકારના ભોગની ઇચ્છા વિના પૂર્ણ શાંત સ્થિતમાં હોય છે. સમષ્ટિના રૂપમાં કહિએ તો આ જ પ્રલય અવસ્થા છે અને આ અવસ્થાની અનુભૂતિ કેવળ એક માત્ર પ્રકાશ મુખ દ્વારા કરવામાં આવે છે. આ અવસ્થા (સમય)માં મન તેમજ અન્ય ઇદ્રિયોની ક્રિયા ન અંતર્મુખી હોય છે ન બહિર્મુખી હોય છે એક માત્ર પોતાના સ્વરૂપમાં લીન હોય છે.

જીવાત્માનું ચોથુ ચરણ તુરીયાવ્યસ્થા છે. આ અવસ્થામાં જીવાત્મા પૂર્ણતઃ પરબ્રહ્મમાં લીન થઇ જાય છે ત્યારે આ જગત્ સંબંધી તમામ સ્થૂલ અને સુક્ષ્મ વિષયોની પર થઇને માત્ર બ્રહ્માનુભવ કરે છે. આ અવસ્થા સર્વેને પ્રાપ્ત થતી નથી માત્ર જ્ઞાની, યોગી તેમજ ઉત્તમ ભક્તોને પ્રાપ્ત થાય છે.

આવીરીતે આત્માનું ચતુષ્પાદ પણું ઉપપાદન કરીને ઉપાસનાનો પ્રકાર કહે છે.

હવે આ જીવાત્માની ચારે પાદો (અવસ્થાઓ) ની ૐકારની સરખાવતાં કહે છે કે –

બ્રહ્માત્મકપણાથી ચોથા પાદરૂપે વર્ણન કરેલો આ આત્માના નામવાળા અક્ષરમાં અભેદનો નિશ્ચય હોવાથી ઉપાસના કરવા યોગ્ય ૐકાર જ છે. અર્થાત્ ૐકારમાં જ પરબ્રહ્મ પરમાત્માની ભાવના કરીને તેની ઉપાસના કરવી જોઇએ.

ૐકારની પ્રથમ માત્રા 'અ' જ વૈશ્વાનર નામની જાગ્રત અવસ્થાનું પહેલું પાદ છે. ૐકારની પહેલી માત્રા 'અ' ની જે મનુષ્ય ઉપાસના કરે છે તેની સર્વે કામનાઓ સિદ્ધ થાય છે અને સર્વને

માન્ય અર્થાત્ સર્વેનો અગ્રેસર થાય છે.

ૐકારની બીજી માત્રા 'ઉ' તેજસ્ (સ્વપ્ન) નામના બીજા પાદનું પ્રતિપાદક છે. ૐકારની બીજી માત્ર 'ઉ'ની ઉપાસના જે મનુષ્ય કરે છે તે જ્ઞાનપરંપરામાં સર્વોત્કૃષ્ટપણે પ્રકાશે છે અને તેના કુળમાં સર્વે બ્રહ્મને જાણનારા ઉત્પન્ન થાય છે.

ૐકારની ત્રીજી માત્રા 'મ' ત્રીજી પ્રાજ્ઞ (સુષુપ્તિ) અવસ્થાની દ્યોતક છે. ૐકારની ત્રીજી માત્રા 'મ' ની ઉપાસના જે મનુષ્ય કરે છે તે સર્વેને જાણે છે અને તેના સર્વે દુ:ખોનો નાશ થાય છે.

ચોથી સર્વોત્કર્ષ તુરીયાવસ્થા માત્રા રહિત પ્રણવ અર્થાત્ પૂર્ણ ૐ છે. જે મનુષ્ય પૂર્ણ ૐકારની ઉપાસના કરે છે તે મનુષ્ય બ્રહ્મજ્ઞાનને પ્રાપ્ત કરી લે છે તેૐકારરૂપ પરબ્રહ્મને પ્રાપ્ત કરી લે છે.

ક્રમશ:

## ઓગસ્ટ–૧૪ મહિનાની આગામી કથાઓ

| તારીખ | ગામનું નામ | યજમાનશ્રીઓ |
|---|---|---|
| ૧–૮–૧૪ થી ૫–૮–૧૪ | ભક્તિનગર | કુંવરજીભાઈ નાથા દબાસીયા પરિવાર, પંચાહ્ન પારાયણ |
| ૧૧–૮–૧૪ થી ૧૫–૮–૧૪ | નારણપર(નીચલોવનાસ) | કરસન કુંવરજી વરસાણી પરિવાર, પંચાહ્ન પારાયણ |
| ૧૬–૮–૧૪ થી ૨૦–૮–૧૪ | નારણપર(નીચલોવનાસ) | અ.નિ. કાનજીભાઈ કુંવરજી હાલાઈ ગ.સ્વ. ધ.પ. નાનબાઈ સહપરિવાર પરિવાર, પંચાહ્ન પારાયણ |
| ૨૨–૮–૧૪ થી ૨૬–૮–૧૪ | સામત્રા | મનજીભાઈ ધનજી વરસાણી અ.નિ. |

## ભાવભર્યું આમંત્રણ

વિદ્યા વિનાનો માનવ પશુ સમાન છે. વિદ્યાલયો મનુષ્યમાં શિક્ષણ અને સંસ્કારો દ્વારા માનવતાના ગુણોનું સિંચન કરી તેની પ્રગતિમાં પ્રેરક બળ પુરવાર થાય છે. આપણા ભુજ મંદિર દ્વારા સત્સંગીઓના જીવન વિકાસમાં શિક્ષણની પ્રવૃત્તિઓ દ્વારા નોંધપાત્ર યોગદાન આપવામાં આવે છે.

કન્યા કેળવણી ક્ષેત્રે પ્રાથમિક થી કોલેજ સુધીનું શિક્ષણ કન્યાઓને રહેવાની સગવડ સાથે આપવામાં આવે છે. કન્યાઓ માટેના અદ્યતન સુવિધાઓથી સજ્જ ભવ્ય વિદ્યાલય (કોલેજ બિલ્ડીંગ)ના બાંધકામનું કાર્ય પૂર્ણતાના આરે છે. જેનો ઉદ્‌ઘાટન સમારોહ તા. ૧૭,૧૮,૭૯–૧૨–૨૦૧૪ બુધવારના રોજ ધામધૂમથી ઉજવવાનું આયોજન છે.

તે જ રીતે હજારો સત્સંગીઓના જીવન ઘડતર, સમૃદ્ધિ અને સામજિક પ્રતિષ્ઠા માટે કારણભૂત છે એવી આપણી શૈક્ષણિક સંસ્થા શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજને ૫૦ વર્ષ પૂર્ણ થયા હોઈ 'સુવર્ણ જયંતી'ની ભવ્યાતિ ભવ્ય ઉજવણી અન્વયે તા. ૨૯,૩૦ અને ૩૧–૧૨–૨૦૧૪ના સોમ, મંગળ અને બુધવારના રોજ કરવાનું નિર્ધારેલ છે.

આ બંને અવસરે ઉપસ્થિતિ રહી અવસરના આનંદમાં અભિવૃધ્ધિ કરવાનું આપને ભાવભીનું આમંત્રણ પાઠવતાં હર્ષ અનુભવીએ છીએ.

આશીર્વાદ સહ જયશ્રી સ્વામિનારાયણ !

– મહંત સ્વામી

# સ્વામી બ્રહ્માનંદની સાહિત્યોપાસના

પ્રો. મહાદેવભાઈ ધોરિયાણી

ઉમાશંકર જોષીના શબ્દોમાં કહીએ તો – "જેમાં સૌનું હિત સમાયેલું છે તે સાહિત્ય. સાહિત્ય એ માનવીના જીવન ઘડતર અંગેનું એક પ્રેરક પરિબળ છે." માનવજીવનના શૈક્ષણિક, સામાજિક, વ્યવહારિક તેમ જ આધ્યાત્મિક વિકાસના ઉદાત્ત હેતુ ચરિતાર્થ કરવા, મીઠા પાણીની વીરડી સંગ સાહિત્ય 'સર્વજીવહિતાવહ' અનેક કાર્યો કરે છે. એમાં સ્વામી બ્રહમાનંદનું શિષ્ટ સાહિત્ય માનવ સમુદાયનું આમૂલાગ્ર ઊર્ધ્વીકરણ કરી પ્રભુપ્રાપ્તિ તરફ દોરી જનારું અમોઘ શસ્ત્ર છે. આ સાહિત્ય જીવન પાથેય (ભાથું) બનીને, મોક્ષમાર્ગની પગદંડિકા બનીને ભગવાનનો રાજીપો મેળવવાની મોટી સેવા બજાવે છે.

સ્વામી બ્રહ્માનંદ એક સંત કવિ તરીકે સ્વામિનારાયણ સંપ્રદાયના 'ચાહક' છે. એટલું જ નહિ, પરંતુ પોતાના સાહિત્ય સર્જન દ્વારા તાત્ત્વિક વિચારધારાને આમજનતા સુધી પહોંચાડનારા 'વાહક' પણ છે. સમગ્ર વિશ્વને આધ્યાત્મિક સાહિત્યનો વારસો ભારતે આપ્યો છે. ભારત વિશ્વના ધર્મોનું આધ્યાત્મિક પિયર છે. બ્રહ્માનંદ સ્વામીની સાહિત્ય કૃતિઓમાં રસાસ્વાદ માણી શકાય તેવું વીરત્વ અને ભક્તિતત્ત્વ ભારોભાર ભર્યું છે. એમના સાહિત્યસર્જન ખરેખર 'બ્રહ્મરસ' રેલાવ્યો છે. એમના કેટલાંક પદો તો સૂરદાસ, મીરા અને કબીર કરતાં પણ અમુક જગ્યાએ ચડિયાતા છે. ગુજરાતી, હિન્દી, કચ્છી, સિંધી, મારવાડી, રાજસ્થાની વ્રજભાષા અને ઉર્દુ આટલી બધી ભાષાઓમાં જો કોઈએ કાવ્યખેડાણ કર્યું હોય તો તે એક માત્ર સ્વામી બ્રહ્માનંદજી છે. સાથોસાથ શિક્ષાપત્રીનો ગુજરાતી અને હિન્દી અનુવાદ પણ દાદ માગી લે તેવો છે ! એમનું 'ચારિત્રાત્મક સાહિત્ય' કારણના કારણ એવા શ્રી સહજાનંદ સ્વામીની સામે બેસીને હૃદયના તારોને ઝણઝણાવી નાખે તે રીતે રચાયું છે. વાનગીરૂપે.....

લાડુદાનજી જ્યારે ગઢપુર જવા રવાના થયા ત્યારે મનોમન સંકલ્પ કરે છે કે, "જો ભગવાન હોય તે તો અંતર્યામી હોય !"

"તનકી જાને મનકી જાને, જાને ચિત્તકી ચોરી,
ઈનકે આગે ક્યોં છુપાવે, જિનકે હાથ મેં દોરી."

જો સહજાનંદ સ્વામી પોતાના ચરણમાં સોળ ચિહ્ન બતાવે, આજ સુધીની મારી હકીકત કહી બતાવે અને મને ગુલાબનો હાર પહેરાવે તો હું તેમને ભગવાન માનું. કવિરાજના ત્રણેય સંકલ્પો પરિપૂર્ણ થયા. તે ચિહ્નોનું તેમણે તરત જ વર્ણન કર્યું.

"કમળ ધ્વજ અંકુશ જવ, વજ જાબું ઉર્ધ્વરેખા,
અષ્ટકોણ સ્વસ્તિક નવ, દચ્છિન પદ ચિહ્ન દેખ.
ગોપદ ધનુષ્ય ત્રિકોણ મછ,
ચંદ્ર કળશ નભ સાત,
ચિહ્ન વામ પદ ચિંતવો, પુરુષોત્તમ સાક્ષાત...."

આ શીઘ્રકવિ તરત જ કીર્તન રચીને બોલ્યા : કવિરાજનું સાચું સગપણ શ્રીજી મહારાજ સાથે થઈ ગયું. એમ કહી...

"રે સગપણ હરિવરનું સાચું,
બીજુ સર્વે ક્ષણભંગુર કહ્યું..."

સભામાં બ્રહ્મમુનિ ઊંઘે છે એમ માની સોપારીનો બેરખો ફેંક્યો. "મહારાજ ! હું ઊંઘતો નથી, હું તો તમારી મૂર્તિનું વર્ણન કરતો હતો. તેમણે ચાર પદ દ્વારા મૂર્તિનું વર્ણન કર્યું છે :

"તારે ચટક રંગીલો છેડલો અલબેલા રે,
કાંઈ નવલ કસુંબી પાઘ રંગના રેલા રે."

આ સંપ્રદાયને અનેક નાનામોટા કવિઓ, લેખકો અને સાહિત્યકારો દેશને ચરણે સમર્પિત કર્યા છે. એમાં શ્રી બ્રહ્માનંદ સ્વામીનું નામ મોખરે

છે. સાહિત્યસર્જનમાં એમનો ફાળો વિશિષ્ટ રહ્યો છે. તેમનો મહિમા શ્રીમુખે જેતલપુરના વચનામૃતમાં પણ ગવાયો છે. તેમને લક્ષ્મણજી અને હનુમાનજી જેવા યતિ કહ્યા છે.

કવિશ્રી દુલા કાગ કહે છે : "બ્રહ્માનંદ સ્વામીએ પદોની રચના એવી તો અદ્ભુત કરી છે કે, હજી સુધી કોઈ દેવીપુત્ર(ચારણ) તે છંદના સામેના છાબડામાં બીજો છંદ મૂકી શક્યો નથી."

ગાંધીજીએ પણ 'આશ્રમ ભજનાવલી'માં તેમનાં પદોનો સમાવેશ કરીને બ્રહ્મમુનિની મહત્તા દર્શાવી છે.

આ શીઘ્રકવિને સમાધિમાં દશાવતારનાં દર્શન થયાં, અને તે સ્વરૂપો સહજાનંદ સ્વામીમાં લીન થઈ ગયા. અને છંદની રચના થઈ ગઈ !

"એહિં મચ્છ, એહિં કચ્છ, એહિ શુકર તનુ ધાર્યો, એહિ બને નરસિંહ, દુષ્ટ હરનાકંસ માર્યો.

એહિ વામન વપુ કીન, લીન પદ તીન ભૂવ ત્રય, એહિ ફરશીધર રામ, એહિ રઘુપત કી જગજય.

એહિ કૃષ્ણ બ્રહ્મ નકલંક, એહિ તેહે ભેરત ભવ ભ્રમ ટળે, કિતનેક રૂપ લાડુ કહે, સોય હી સહજાનંદ મિલે."

શ્રીજીના પ્રિય સખા, યતિવર્ય મહાસમર્થ બ્રહ્માનંદ સ્વામીની ગરબીઓ લીલાવર્ણન પણ અનેરું, અનોખું અને અદ્વિતીય છે.

"બ્રહ્મમુનિ કવિ ભાનુસમ,
પ્રેમયુક્તિ દોઉ ચંદ,
ઓર કવિ ઉડુગણ સમ,
કહે કવિ અવિનાશાનંદ."

બ્રહ્માનંદ સ્વામીએ વીસેક જેટલા પદ્યગ્રંથોની રચના કરી છે. તેમનો રાજવી ઠાઠયુક્ત ભક્તિ શૃંગાર અને એનું સચ્ચાઈ ભરેલું વૈરાગ્ય ગાન સ્વામિનારાયણીય કવિતાના ઉન્નત શિખરો છે અને કાવ્ય સાહિત્યનું અમર ધન છે, ઉત્કૃષ્ટ સર્જનકલા છે, બેનમૂન સાહિત્યોપાસના છે. સૌન્દર્યને પ્રગટ કરવાની રીત તે સર્જનકલા. સંસાર કરતાં સંસારના સર્જનહાર શ્રી સહજાનંદ સ્વામી વધારે સુંદર છે. 'કલા' જીવનની દાસી છે. તેનું કાર્ય જીવનની સેવા કરવાનું છે. કલા, ધર્મ, વૈરાગ્ય, ભક્તિ અને તત્ત્વજ્ઞાન એ સૌ આત્માના વિકાસની ઉંચામાં ઊંચી કોટિઓ છે. કવિરાજ પોતાના વિલક્ષણ વ્યક્તિત્વનો વિસ્તાર સાહિત્યોપાસના અને નિષ્કામ સર્જન દ્વારા કરે છે.

ઢોલ વાગે અને વીરતા જાગે તેમ કવિરાજશ્રી બ્રહ્માનંદ સ્વામીની સર્જકતા સર્જનકલાનો પડઘો પાડી સૌન્દર્યવૃત્તિ જાગ્રત કરે છે. એમની સર્જનકલા એ ચૈતન્યની સંજીવની છે. સૌન્દર્યની કૃતિઓ સમજાવવી એમાં જ સાચું સંસ્કારિત્વ છે.

"A thing of beauty is joy for ever" આઠ હજાર કરતા વધુ લીલાપદોના આલેખન ઉપરાંત બ્રહ્માનંદ છંદ રત્નાવલી, ધર્મવંશપ્રકાશ, બ્રહ્મવિલાસ, સુમતિ પ્રકાશ, નીતિપ્રકાશ, ગુજરાતી અને હિન્દીમાં શિક્ષાપત્રી, સંપ્રદાય પ્રદીપ, વિવેક ચિંતામણિ, ઉપદેશ ચિંતામણિ, ઉપદેશ રત્નદીપક, સતીગીતા, ઝૂલણાં, ધર્મકુળ ધ્યાન(દીક્ષાવિધિ), દશાવતાર ચરિત્ર, જ્ઞાનપ્રકાશ ચિંતામણિ, ધર્મ સિદ્ધાંત, નારાયણગીતા, વર્તમાન વિવેક વગેરે ગ્રંથોનો પણ સમાવેશ થાય છે.

વળી, બ્રહ્માનંદ કાવ્ય (કીર્તન સંગ્રહ) – આઠ હજાર જેટલાં કીર્તનોનું સર્જન કરેલ છે. સાહિત્યસેવા ઉપરાંત શિલ્પસ્થાપત્ય સેવાનો પણ સુભગ સમન્વય તેમણે મંદિરો બાંધીને કર્યો છે. સ્વામિનારાયણના સંતો પછી કોઈ સંગીતયજ્ઞ બ્રહ્માનંદ સ્વામીના સંગીતના શુદ્ધ જ્ઞાનના પગરખામાં પગ નાખી શકે તેમ જણાતું નથી. સ્વામી બ્રહ્માનંદ સં. ૧૮૮૮ના જેઠ સુદ દસમના દિવસે મૂળી ખાતે અક્ષરનિવાસી થયા હતા.

# સંસ્થા સમાચાર

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

## બ્રિટનના મહારાણીએ ભુજ સ્વામિનારાયણ મંદિરને આપ્યો 'મોસ્ટ ફેવરીટ ટેમ્પલ'નો દરજ્જો



છેલ્લા દસ વર્ષમાં ઓસ્ટ્રેલિયામાં ચાર નૂતન શિખરના મંદિરો, યુ.કે.ના સાત, અખાતી દેશો અને ભારતમાં સ્વામિનારાયણ સંપ્રદાયના માધ્યમે શૈક્ષણિક-સેવાકીય પ્રવૃત્તિઓને ધર્મમાં કેન્દ્રસ્થાને રાખવા બદલ બ્રિટનના મહારાણી એલીઝાબેથ ત્રીજાએ મહંત સ્વામીને પત્ર લખી 'મોસ્ટ ફેવરીટ ટેમ્પલ'નો દરજ્જો આપ્યો હતો. પ્રથમ વિશ્વના રાષ્ટ્રો તરફથી મળેલી સ્વીકાર ભાવનાથી હરિભક્તોમાં આનંદની લાગણી પ્રસરી હતી. તેમણે ૨૦૧૦ના નૂતન મંદિર મહોત્સવ વખતે દર્દીઓની સંપૂર્ણ સારવારની નોંધ લીધી હતી.

વિલ્સડન, સ્ટેનમોર, ઈસ્ટ લંડન, કેન્ટન-હેરો, બોલ્ટન, ઓલ્ડહામ, વુલ્વીચ, કાર્ડિફ સહિતના યુ.કે. સ્થિત ભુજ શ્રી નરનારાયણદેવ હિન્દુ મંદિર હેઠળના ધર્મસ્થાનોના માધ્યમે સ્થાનિક હરિભક્તોને પ્રેરણા કરી બ્રિટનને બાળકોની હોસ્પિટલ ગ્રેટ ઓરમોન્ડ સ્ટ્રીટ, હેરો ચેરિટી હોસ્પિટલને વ્યક્તિગત અને સંસ્થાકીય મદદ કરવામાં આવી છે. ઓસ્ટ્રેલિયામાં હિન્દુ વૈદિક પરંપરા પ્રમાણે સ્થાનીય બાળકોને સંસ્કારિત કરવામાં આવે છે. યુ.કે.માં શ્રી સ્વામિનારાયણ યુવક મંડળના માધ્યમે કળા, નૃત્ય, ગીત, સંગીત, માતૃભાષા ઉપરાંત સદાચાર શિખાવાડવા જેવી અનેક વિધ પ્રવૃત્તિઓની નોંધ લઈ બ્રિટનના મહારાણીએ મહંત સ્વામીને લખેલા પત્રમાં મંદિરની સરાહના કરી છે નૂતન મંદિર મહોત્સવ વખતે નરનારાયણદેવ મેગા મેડિકલ કેમ્પ-૨૦૧૦નો વિશેષ ઉલ્લેખ કરતાં કોઈ એક સંસ્થાએ માત્ર ચાર માસમાં ૩૬૦૦૦ દર્દીઓની સંપૂર્ણ સારવાર કરી તે મોટી ઘટના ગણાવી બ્રિટનમાં હિન્દુ મંદિર તરીકે 'મોસ્ટ ફેવરીટ ટેમ્પલ'નો દરજ્જો આપ્યો હતો. જાણકારોના મતે આ નોંધથી બ્રિટનના વૈશ્વિક પ્રવાસન નકશામાં ભુજ મંદિરને આપોઆપ સ્થાન મળશે. બ્રિટીશ નાગરિકો જ્યારે વિદેશ પ્રવાસ કરતા હોય ત્યારે તેને અપાતા માર્ગદર્શક નકશામાં ભુજ સ્વામિનારાયણ મંદિરને સ્થાનાંકિત કરાશે.

બ્રિટનની રાણી દ્વારા લેવાયેલ નોંધનો તમામ યશ શ્રીજી મહારાજ, દેવ, ગુરુસંતો, વર્તમાન સંતો, દેશ-વિદેશના તમામ મંદિરોની કમિટીઓ અને શ્રદ્ધાળુ સમર્પિત હરિભક્તોને આપતાં મહંત સ્વામીએ ગુરુ અ.નિ. ધર્મજીવનદાસજી સ્વામીને ચરણે સફળતા ધરી દીધી હતી. કચ્છ જેવા અંતરિયાળ પ્રદેશના મંદિરને યાદ કરવા બદલ રાજીપા સાથે આભાર દર્શાવતા સનાતન વૈદિક સંસ્કૃતિનું ગૌરવ થયાનું ઉમેર્યું હતું.

અહેવાલ :- તંત્રીશ્રી


**ધર્મ સંદેશના ગ્રાહક બનો અને બનાવો.**

| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/- <br> વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/- <br> વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

**સત્સંગ સમાચાર મોકલાવો તેની સાથે પ્રસંગોના ફોટાઓ પણ અવશ્ય મોકલાવશો.**

# ભુજમાં ગુરુપૂર્ણિમા સત્સંગ સભા

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર સ.ગુ. મહંત સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન અનુસાર તા. ૧૦-૭-૧૪ થી તા. ૧૨-૭-૧૪ સુધી ત્રણ દિવસ રાત્રે ૯ થી ૧૧ રાત્રી સત્સંગસભા યોજવામાં આવેલ. જેમાં શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ "માનવની દસા અને દિશા" વિષય ઉપર વિવિધ ઉદાહરણો, પ્રસંગો, સત્ય હકીકતો અને વાસ્તવિક પરિસ્થિતિ અંગે સચોટ અને સ્પષ્ટ રીતે મનનપૂર્વકનું વક્તવ્ય આપી હરિભક્તોને જકડી રાખ્યા હતા. તેઓએ જણાવેલ કે ઈર્ષાભાવ ત્યજી વિશાળ દ્રષ્ટિ રાખશો તો દિશા મળી જશે. પૂર્વગ્રહ અને વ્યસનોનો ત્યાગ કરવો એ જ સાચી દિશા. દરરોજ સવારે વહેલા ઊઠીએ અને રાત્રે ઘરના સભ્યો સાથે સત્સંગ કરીએ તો વ્યક્તિને સાચી દિશા મળે અને તેની દશા પણ સુધરે. આજે ભૌતિક સુખ-સમૃધ્ધિના સાધનો વધ્યા છે. પરંતુ શાંતિનો અનુભવ નથી થતો. શ્રીજી મહારાજની આજ્ઞા પ્રમાણે વર્તીએ તો શાંતિ મળે. માત્ર કંઠી બાંધવાથી અને તિલક કરવાથી સત્સંગી નહીં બનાય. સાચા અર્થમાં સત્સંગી થવું પડશે. સંતોના ઉપદેશને સાંભળીએ તો છીએ પરંતુ આચરણમાં લાવતા નથી. એટલે દિશા બદલાઈ ગઈ છે. જેથી દશા પણ બગડી ગઈ છે.

ભુજ શહેરના સત્સંગીઓ પોતાના એરીયાથી પોતાના વાહન તેમજ ટેમ્પોમાં બેસીને સમયસર દરરોજ આવતા. હજારો હરિભક્ત ભાઈ-બહેનોની વિશાળ હાજરીથી સભાનું સ્થળ નાનું પડતું હતું. કોઠારી સ્વામી ભગવદ્જીવનદાસજી તથા સ્વામી દેવપ્રકાશદાસજીના માર્ગદર્શન હેઠળ આ આયોજનને સફળ બનાવવા કચ્છશ્રી નરનારાયણદેવ યુવક મંડળ ભુજ તેમજ મહિલા મંડળે જહેમત ઉઠાવી હતી.

અહેવાલ :- પ્રાણલાલભાઈ ગોર

# અષાઢ સુદ ૧૧ના એકાદશીના દેવોના શિખર પરની ધ્વજાના યજમાનશ્રીઓની નામાવલિ

- પ.ભ. પુરુષોત્તમભાઈ વાડીલાલ ભાવસાર ધ.પ. જ્યોત્સનાબેન, સુત હિરેન ધ.પ. દિપાબેન, પુત્રી કુર્તિબેન રવીશકુમાર હ. મહેશભાઈ બાવા – ભુજ
- પ.ભ. ભક્તિનગરના નારણભાઈ લાલજી વરસાણી ધ.પ. કાનબાઈ હ. માવજીભાઈ ઝીણા વાઘાણી – સુખપર
- પ.ભ. કરસનભાઈ કાનજી ભીમજી રાઘવાણી પરિવાર – બળદીયા (ઉ.વાસ)
- પ.ભ. મુકેશભાઈ નારણભાઈ હિરાણી – ફોટડી હાલે નૈરોબી
- પ.ભ. રાજેન્દ્રભાઈ અંબાલાલ પટેલ – વડોદરા
- પ.ભ. સા.યો. મંજુલાબેન મનજી વાગડીયા હ. મનજી કુંવરજી વાગડીયા – સુખપર
- પ.ભ. કરસનભાઈ કાનજી ભુડીયા હ. સાં.યો. કાનબાઈ લાલજી – ભક્તિનગર
- પ.ભ. દેવજીભાઈ વિશ્રામ ગાંગજીયાણી – દહીંસરા હાલે બોલ્ટન
- પ.ભ. અનિતાબેન દિનેશ હિરાણી – માનકુવા
- પ.ભ. કલ્યાણભાઈ હરજી ગાજપરિયા પરિવાર – નારણપર (ની.વાસ)
- પ.ભ. રસીલાબેન દિનેશ હાલાઈ – ગોધરા
- પ.ભ. શ્યામભાઈ કેશરા વરસાણી હ. કેશરા અરજણ વરસાણી – મદનપુર
- પ.ભ. હરેશભાઈ લાલજી જેસાણી સહપરિવાર – બળદીયા
- પ.ભ. ઘનશ્યામભાઈ દિનેશ ગોરસીયા – સુખપર હાલે લંડન
- પ.ભ. રિતેશભાઈ દિનેશ ગોરસીયા – સુખપર હાલે લંડન
- પ.ભ. માનબાઈ વેલજી કેરાઈ – માનકુવા

- પ.ભ. સુનિલભાઈ લાલજી વરસાણી હ. કૃષ્ણસ્વરૂપદાસજી – સામત્રા
- પ.ભ. દેવશીભાઈ નાનજી વેકરીયા હ. ધ.પ. વનીતાબેન – સુખપર
- પ.ભ. રામબાઈ ધનજી ભુડીયા હ. કાનબાઈ – ભક્તિનગર
- પ.ભ. લાલજીભાઈ અરજણ હિરાણી – કોડકી
- પ.ભ. લાલજીભાઈ ખીમજી હિરાણી – બળદીયા
- પ.ભ. હરીનભાઈ કિશોર જેસાણી – બળદીયા
- પ.ભ. હરજીભાઈ પ્રેમજી વરસાણી – માનકુવા
- પ.ભ. પ્રિન્સ નાનજીભાઈ આશાણી – વેકરા
- પ.ભ. લક્ષ્મણભાઈ ભીમજી કારા – રામપર
- સાં.યો. રતનબાઈ ધનજી વરસાણી હ. નારણભાઈ અરજણ વરસાણી – મદનપુર
- પ.ભ. રાજેન્દ્રભાઈ વિનોદ કેરાઈ – કુંદનપર
- સા.યો. લાલબાઈ શીવજી વાગડીયા હ. કાનજીભાઈ દેવજી વાગડીયા – સુખપર
- એક હરિભક્ત, હ. આશિષભાઈ ત્રવાડી – ભુજ
- પ.ભ. રોબીનભાઈ શંકરગિરિ ગોસ્વામી – ભુજ
- પ.ભ. વાલજીભાઈ જાદવા વેકરીયા તથા વાલબાઈ વાલજી વેકરીયા – બળદીયા
- સાં.યો. નાનબાઈ પ્રેમજી સુખપર હ. સાં.યો. નીતાબાઈ – ભુજ
- પ.ભ. હરજીભાઈ કાનજી હાલાઈ હ. સાં.યો. નીતાબાઈ – ગોડપર
- પ.ભ. પ્રેમબાઈ પ્રેમજી વાગજીયાણી હ.પાઘરા દિનેશ – સુખપર
- પ.ભ. નીલેશભાઈ વાલજી રાઘવાણી – બળદીયા
- પ.ભ. અ.નિ. ગાંગજીભાઈ નારણ ખીમાણી – દહીંસરા
- પ.ભ. ક્રિષ્નાબેન રમેશ વરસાણી હ. સ્વામી નરનારાયણસ્વરૂપદાસજી – નારણપર
- પ.ભ. જગદીશભાઈ નાનજી ગોરસીયા – સુખપર
- પ.ભ. સાં.યો. ડાઈબાઈ મેઘજી ભગત – રવાપર
- પ.ભ. લાલજીભાઈ કરસન હિરાણી – સુખપર
- પ.ભ. શામબાઈ વાલજી રૂપાલિયા હ. મનજીભાઈ વાલજી રૂપાલિયા – મદનપુર
- પ.ભ. રવિલાલભાઈ માવજી ખીમજી વાલજી વેકરીયા – બળદીયા હાલે નૈરોબી
- પ.ભ. નકુલભાઈ પરેશ કેરાઈ – નારણપર(ની.વાસ) હાલે નૈરોબી
- પ.ભ. ગોપાલભાઈ કરસન વેકરીયા – માંડવી
- પ.ભ. હેમ જીતેશ ગોંડલીયા મહંત સાં.યો. શામબાઈ ફઈની પ્રેરણાથી – મીરજાપર
- પ.ભ. શાંતાબેન મનજી વેકરીયા દોહિત્રાના જન્મ નિમિત્તે મહંત સાં.યો. શામબાઈ ફઈની પ્રેરણાથી – મિરજાપર
- પ.ભ. હંસાબેન હિરજી શિયાણી – માનકુવા
- પ.ભ. મનજીભાઈ પ્રેમજી છભાડીયા હ. ધનબાઈ – વેકરા
- પ.ભ. ખટાઉ વાલજીભાઈ દાવડા પરિવાર વતી લતાબેન જયંતીલાલ દાવડા હ. આકાશ જયંતીલાલ દાવડા – ભુજ
- પ.ભ. કાંતાબેન રમેશભાઈ કેરાઈ હ. મનજીભાઈ વાલજી રૂપાલીયા – મદનપુર
- પ.ભ. કાંતિલાલભાઈ લાલજી હિરાણી – બળદીયા
- સાં.યો. રતનબાઈ ધનજી વરસાણી હ. નારણ અરજણ વરસાણી – મદનપુર
- પ.ભ. દેવજીભાઈ વિશ્રામ ગાંગજીયાણી સહપરિવાર – દહીંસરા હાલે બોલ્ટન
- પ.ભ. નારણભાઈ કાનજી શિયાણી ધ.પ. કેશરબેન – સુખપર
- પ.ભ. સાગરભાઈ મનજીભાઈ વરસાણી – મીરજાપર
- પ.ભ. શિપ્રાબેન રમેશભાઈ કેરાઈ હ. મનજીભાઈ વાલજી રૂપાલીયા – મદનપુર
- સાં.યો. રતનબાઈ ધનજી વરસાણી હ. નારણ અરજણ વરસાણી – મદનપુર
- પ.ભ. રામબાઈ લાલજી હિરાણી – બળદીયા
- પ.ભ. ઈલાબેન અરવિંદભાઈ પુત્ર નિહાલ હ. સાં.યો. નીતાબાઈ – ભુજ
- પ.ભ. દેવજીભાઈ વિશ્રામ ગાંગજીયાણી સહપરિવાર – દહીંસરા હાલે બોલ્ટન
- પ.ભ. ઘનશ્યામભાઈ દિનેશ ગોરસીયા
- પ.ભ. રીતેનભાઈ દિનેશ ગોરસીયા

**શ્રી નરનારાયણદેવને રસોડું અર્પણ કરનાર દાતાશ્રીઓ**

- પ.ભ નાનબાઈ રામજી હિરાણી – મદનપુર
- પ.ભ અ.નિ. મનજીભાઈ શીવજી જીવા હીરાણી – મીરજાપર
- પ.ભ ગં.સ્વ. વેલબાઈ મનજી શીવજી હીરાણી – મીરજાપર
- પ.ભ પુરબાઈ શીવજી વરસાણી હ. વીરજી કરશન મેપાણી – માધાપર
- પ.ભ.વેલબાઈ કાનજી શીવજી ભુવા – સુખપર

## શ્રી સહજાનંદ એર લાઈન્સ તથા હિંડોળા મહોત્સવ ઉદ્‌ઘાટન–ભુજ

ભુજ મંદિરના પ્રાંગણમાં આવેલ અતિ વિશાળ ડોમમાં શ્રીનરનારાયણદેવ ઈન્ટરનેશનલ એરપોર્ટમાં શ્રી સહજાનંદ એર લાઈન્સનાં આબેહૂબ જમ્બો જેટ એરોપ્લેનનું સર્જન કરી તેમાં હિંડોળા તૈયાર કરવામાં આવ્યા છે. તેનો ઉદ્‌ઘાટન સમારોહ તા. ૨૨–૭–૨૦૧૪ એકાદશીના સાંજે સંતોનાં સાંનિધ્યમાં યોજાઈ ગયો જેમાં ખૂબ જ બહોળી સંખ્યામાં હરિભક્તો તેમજ સાં.યો. અને ગૃહસ્થ બહેનોની ઉપસ્થિતિ હતી.

પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી યોજાયેલ આ કાર્યક્રમનો મંગલપ્રારંભ સ.ગુ. સ્વામી રામસ્વરૂપદાસજીએ વચનામૃતનું શ્રવણ કરાવીને કર્યો. ત્યારબાદ અધ્યક્ષશ્રીની અનુમતિથી સભાપતિ શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ પ્લેન તથા હિંડોળાઓના ઉદ્‌ઘાટન અન્વયે ઉછામણીની તબક્કાવાર કાર્યવાહી હાથ ધરી.

ઉછામણી પહેલાં સ.ગુ.સ્વામી શ્રીહરિદાસજીએ આશીર્વાદ પ્રવચનમાં જણાવ્યું કે આ પ્લેન એ બ્રહ્માંડ છે અને તેનાં પાયલોટ બ્રહ્માંડોના અધિપતિ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ છે. તેથી આ પ્લેનમાં મુસાફરી કરનાર સીધા અક્ષરધામમાં પહોંચશે કારણ કે આ પ્લેન વચ્ચે કોઈ જગ્યાએ થોભશે નહીં. ત્યારબાદ પાર્ષદવર્ય કોઠારી જાદવજી ભગતે આ ભવ્ય પ્લેન તૈયાર કરનાર સંતો, હરિભક્તો સૌના શ્રમને બિરદાવ્યા હતા અને આવો અમૂલ્ય અવસર આવ્યો છે તો સેવા કરી શ્રીહરિનો રાજીપો મેળવવા જણાવ્યું હતું. સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજીએ આશીર્વચનમાં જણાવેલ કે આવાં ભગીરથ કાર્યો સંતોની મહેનત અને હરિભક્તોના સાથ સહકારથી જ પાર પડે છે. આવા કાર્યોમાં સેવા કરવા હરિભક્તો તત્પર જ હોય છે. સૌ પોતાની શક્તિ મુજબ સેવા કરે.

શ્રી સહજાનંદ એરપોર્ટ પર શ્રી સહજાનંદ એરલાઈન્સનું ૧૩૦' ૨ ૯૦' ૨ 30'ની લંબાઈ પહોળાઈના ડાયામીટરનું વિશાળકાય જમ્બોજેટ સંપૂર્ણ વાતાનુકૂલિત પ્લેન લેન્ડ થયેલું છે. જેમાં વિવિધ વસ્તુ–સામગ્રીથી નિર્મિત કારીગીરીયુક્ત કલાત્મક ૧૨–૧૨ હિંડોળામાં ઝુલતા ઠાકોરજી દર્શન આપે છે. ઉપરાંત શ્રીસહજાનંદ સ્વામીએ નિર્મિત કરેલ અમદાવાદ, ભુજ, વડતાલ, મૂળી, ધોલેરા અને ગઢડાના મંદિરોનાં દર્શન અને શ્રી હરિની લીલાઓનાં દર્શન વિશાળ સ્ક્રીન પર થાય છે. આવા ભવ્યપ્લેનના ઉદ્‌ઘાટનના લ્હાવાનો લાભ પ.ભ. કલ્યાણભાઈ કરશનભાઈ કેરાઈને મળ્યો હતો. ખૂબ જ ટૂંકા સમયગાળામાં આવા ભવ્ય પ્લેનનું સર્જન કરવા કોઠારી સ્વામી ભગવદ્‌જીવનદાસજી તથા કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી તથા પુરાણી સ્વામી ધર્મચરણદાસજી તથા સ્વામી દિવ્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન હેઠળ હિંડોળા સમિતિના સંતો સ્વામી ધર્મસ્વકરૂપદાસજી, સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજી, સ્વામી નારનારાયણસ્વરૂપદાસજી, સ્વામી પુરુષોત્તમચરણદાસજી, સ્વામી ઘનશ્યામપ્રિયદાસજી, સ્વામી ઉત્તમચરણદાસજી, પુજારી મંડળના સ્વામી ધર્મપ્રિયદાસજી, સ્વામી અક્ષરસ્વરૂપદાસજી, લાઈટવાળા સ્વામી નીલકંઠસ્વરૂપદાસજી આદિ સંતો તથા માધાપરના પ.ભ.શ્રી અરજણભાઈ ભુડીયાની ટીમ તથા સુખપરના યુવાનો તથા સાં.યો. બાઈઓ તથા

મહિલામંડળની દીકરીઓએ રાત-દિવસ જોયા વિના ખૂબ જ ભક્તિભાવથી સેવા કરેલ છે.

અધ્યક્ષસ્થાનેથી અંતરના આશીર્વાદ આપતાં મહંત સ્વામીએ હરિભક્તોનાં ઉત્સાહ અને તેમની નિષ્ઠાપૂર્વકની શ્રધ્ધા વિષે જણાવતાં કહ્યું હતું કે દેશ-વિદેશનાં હરિભક્તો તરફથી આવા સદ્કાર્યો સમયે સેવા અને સાથ-સહકાર સાંપડતા રહે છે તેનાથી અમે ખૂબ રાજી છીએ અને રૂડા આશીર્વાદ આપીએ છીએ. આવું પ્લેન અને હિંડોળા તૈયાર કરનાર સંતો, યુવક મંડળના સભ્યો, હરિભક્તો, સાં.યો. બહેનો, યુવતી મંડળની બહેનો તથા ગૃહસ્થ બહેનોએ કરેલા કાર્યોને બિરદાવ્યા હતા. ઉછામણીમાં ઊંચો આંક બોલીને પ્લેન અને વિવિધ હિંડોળાઓના યજમાનપદ પ્રાપ્ત કરનાર સેવાભાવી દાતાઓને ઠાકોરજીની ચિત્રપ્રતિમા અને મોમેન્ટો અર્પણ કરી, સાલ ઓઢાડી પહેરામણી કરી ફુલહારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. યજમાન કુટુંબોની મહિલાઓને પહેરામણી તથા હારારોપણથી સાં.યો. મહંત પૂજ્ય શામબાઈ ફઈએ સન્માનિત કર્યા હતા. આવા ભાગ્યશાળી યજમાનોની નામાવલિ નીચે મુજબ છે.

ઓપનીંગની સેવા : કિંગ્સ સ્ટોન - હસ્તે પરબતભાઈ પ્રેમજી રાજાણી તથા મૂળજીભાઈ રવજી પિંડોરીયા તથા ખીમજીભાઈ તથા રામજીભાઈ તથા વિશ્રામભાઈ તથા અરવિંદભાઈ તથા વિશ્રામભાઈ તથા રાજાણી પરિવાર

**૧૨ હિંડોળાની સેવા કરનાર દાતાશ્રીઓ** : પ.ભ. પિતાશ્રી કલ્યાણભાઈ કરસનભાઈ કેરાઈ હ. કુંવરજીભાઈ કલ્યાણભાઈ કેરાઈ ધ.પ. કાનબાઈ સુપુત્ર કિરણબેન પરિવાર, નારણપર (ની.વાસ) હાલે નૈરોબી (કેન્યા) • કિંગ્સ સ્ટોન, હસ્તે પરબતભાઈ પ્રેમજી રાજાણી તથા મૂળજીભઆઈ રવજી પિંડોરીયા તથા ખીમજીભાઈ તથા રામજીભાઈ તથા વિશ્રામભાઈ તથા અરવિંદભાઈ • પ.ભ. વાલજીભાઈ કરસન હિરાણી ધ.પ. વાલબાઈ કરસન હિરાણી, બળદિયા હાલે નૈરોબી (કેન્યા) સુપુત્રી જશોદાબેન ભીમજી (ઓસ્ટ્રેલિયા) સુપુત્રી કાન્તાબેન દિનેશ (ઓસ્ટ્રેલિયા) સુપુત્રી જીજ્ઞાબેન મીનેશ (ઓસ્ટ્રેલિયા) • કિંગ્સ કિચનના ડાયેરેક્ટર પ.ભ.ગોવિંદભાઈ ધનજીભાઈ રાબડીયા ધ.પ. વનિતાબેન સુપુત્ર ઘનશ્યામ સુપુત્રી ડિમ્પલ સહપરિવાર, રામપર હાલે ભુજ • પ.ભ. કાનજીભાઈ વાલજી ભુડીયા ધ.પ.કેશરબેન સુપુત્ર કરસનભાઈ તથા માવજીભાઈ સહપરિવાર, સુખપર • પ.ભ. શીવજી કલ્યાણ કેરાઈ ધ.પ. મંજુબેન સુપુત્ર રીકેન તથા હિતેન સહપરિવાર, નારણપર (ની.વાસ) • પ.ભ. મૂળજીભાઈ કરસન શિયામી ધ.પ. મેઘબાઈ સુપુત્ર રવિભાઈ તથા વિનોદભાઈ તથા કાંતિભાઈ સહપરિવાર, રામપર હાલે ભુજ • પ.ભ. ભીખાલાલ વેલજી ગોરસીયા, વાલજીભાઈ વેલજી ગોરસીયા, પ્રેમજીભાઈ વેલજી ગોરસીયા સહપરિવાર, સુખપર હાલે નૈરોબી (કેન્યા) • પ.ભ. લાલજીભાઈ કલ્યાણ શિયાણી ધ.પ. નીતાબેન સુપુત્ર હર્ષિલ તથા જય સહપરિવાર, માનકુવા હાલે મોમ્બાસા (કેન્યા) • પ.ભ. વીરજીભાઈ કાનજી રાઘવાણી સુત અંકુશ સહપરિવાર, નૈરોબી • પ.ભ. કરસનભાઈ મનજીભાઈ હિરાણી ધ.પ. અમરબાઈ તથા સુપુત્રો સહપરિવાર રામપર હાલે ગાંધીધામ • પ.ભ. ખીમજીભાઈ શીવજી ભુડીયા ધ.પ. ધનુબેન દીકરીઓ જીજ્ઞા, ક્રિષ્ના, નિરમા, હસ્તી • પ.ભ. હિરજીભાઈ પ્રેમજી છભાડીયા એન્ડ સહપરિવાર, નૈરોબી • પ.ભ. પરબતભાઈ જાદવા વરસાણી ધ.પ. હિરુબેન, સુપુત્ર અંકુર, સુપુત્રી કૃપલ સહપરિવાર, કોડકી હાલે ભુજ • પ.ભ.માવજીભાઈ કરસન રાજાણી સુત રમેશભાઈ સહપરિવાર, સીડની • પ.ભ. શીવજીભાઈ વીરજી કેરાઈ તથા લાલજી વિશ્રામ તથા કરસનભાઈ સહપરિવાર, સીડની • સાં.યો. કુંવરબાઈ હિરાણી • પ.ભ.ભરતભાઈ જોશી ધ.પ. શીલાબેન • પ.ભ. વિનોદભાઈ ધનજી હાલાઈ તથા જગદીશભાઈ ધનજી હાલાઈ સહપરિવાર, નૈરોબી • મહંત સાં.યો. સામબાઈ

અહેવાલ :- ભરતભાઈ મહેતા

# સત્સંગ સમાચાર

## શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય સુવર્ણ જયંતિ મહોત્સવ

૧. ગાંધીદર્શન પરીક્ષા :– રાષ્ટ્રની આઝાદી તેમજ વિદ્યાર્થીઓને જુદી જુદી પ્રવૃત્તિઓ દ્વારા તાલીમ આપવામાં આવે છે. વર્ષ દરમ્યાન એક જિલ્લા કક્ષાની સ્કાઉટ એન્ડ ગોલ્ડની જિલ્લા રેલીનું આયોજન કરવામાં આવે છે. જેમાં જિલ્લામાંથી જે શાળાઓમાં આ પ્રવૃત્તિ ચાલે છે તેવી શાળાના સ્કાઉટસ ભાગ લે છે. જિલ્લા રેલીમાં યોજાતી વિવિધ સ્પર્ધાઓમાં આપણી શાળાના સ્કાઉટસ દર વર્ષે ઉત્સાહપૂર્વક ભાગ લઈ તથા વિશિષ્ટ સિધ્ધિઓ પણ મેળવે છે.

૨. ઈન્ટરેક્ટ ક્લબ :– ઈન્ટરેક્ટ ક્લબની પ્રવૃત્તિઓએ આંતરરાષ્ટ્રીય સંસ્થા રોટરી ક્લબની વિદ્યાર્થી પાંખની પ્રવૃત્તિઓ છે. આપણી શાળામાં વર્ષ ૨૦૦૫ થી ઈન્ટરેક્ટ ક્લબની સ્થાપના કરવામાં આવી છે. રોટરી ક્લબના સહયોગ અને માર્ગદર્શન હેઠળ ઈન્ટરેક્ટ ક્લબ દ્વારા વર્ષ દરમ્યાન વિવિધ પ્રવૃત્તિઓ યોજી વિદ્યાર્થીઓને વ્યક્તિત્વ વિકાસની તક પૂરી પાડવામાં આવે છે. આપણી શાળાના ઈન્ટરેક્ટ ક્લબના સભ્ય વિદ્યાર્થીઓએ ખાસ કરીને પોલિયો નાબુદી અભિયાન અંતર્ગત પ્લસ પોલિયો અભિયાનના કાર્યક્રમમાં વિશિષ્ટ યોગદાન આપેલ હતું. જેની રોટરી ક્લબ દ્વારા નોંધ લેવામાં આવી હતી. રોટરી ક્લબ–ભુજ તરફથી આપણી શાળાની ઈન્ટરેક્ટ ક્લબને શ્રેષ્ઠ ઈન્ટરેક્ટ ક્લબનો પુરસ્કાર પણ મળેલ છે.

૩. શાળામાં યોજાતી વિવિધ બાહ્ય પરીક્ષાઓ :– આજના સમયમાં સ્પર્ધાત્મક યુગમાં શાળાકીય અભ્યાસની સાથે સાથે ઈત્તર પ્રવૃત્તિઓ ઉપરાંત વિવિધ બાહ્ય પરીક્ષાઓનું પણ વિદ્યાર્થીઓ માટે ખૂબ જ મહત્ત્વ છે. વિદ્યાર્થીઓમાં અભ્યાસ પરત્વે રસ–રૂચિ ઉત્પન્ન થાય તથા તંદુરસ્ત સ્પર્ધાત્મક વાતાવરણ સર્જાય તેમજ વિદ્યાર્થીઓમાં જાહેર પરીક્ષા માટેનો મહાવરો કેળવાય, પરીક્ષાનો ડર દૂર થાય તેવા ઉમદા હેતુઓથી શાળામાં વિવિધ પ્રકારની બાહ્ય પરીક્ષાઓ વિદ્યાર્થીઓ રસ–રૂચિ–વલણને ધ્યાનમાં રાખી યોજવામાં આવે છે. આ બાહ્ય પરીક્ષાઓમાં શાળામાંથી બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ દર વર્ષે ભાગ લે છે. તથા તેમાં વિશિષ્ટ સિધ્ધિઓ પણ મેળવી શાળાનું નામ રોશન કરે છે. લોક કલ્યાણ અર્થે પોતાનું સમગ્ર જીવન અર્પણ કરનાર રાષ્ટપિતા મહાત્મા ગાંધીજીના પ્રભાવક વ્યક્તિત્વથી નવી પેઢી પરિચિત થાય તે માટે ગાંધી દર્શન પરીક્ષાનું આયોજન ગાંધી સ્મૃતિ ટ્રસ્ટ, ભાવનગર દ્વારા શાળા કક્ષાએ કરવામાં આવે છે. આપણી શાળામાં યોજાતી આ પરીક્ષામાં ધોરણ ૯ થી ૧૨ના બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ભાગ લે છે.

૪. માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષા :– ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉ.માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાતી આ પરીક્ષામાં આપણી શાળાના ધોરણ ૯ના વિદ્યાર્થીઓ પરીક્ષા આપે છે. આ પરીક્ષામાં વિશિષ્ટ પરિણામ પ્રાપ્ત વિદ્યાર્થીઓને દર વર્ષે સરકારશ્રી દ્વારા શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. સ્પર્ધાત્મક પરીક્ષાઓની પૂર્વ તૈયારી રૂપે આવી પરીક્ષાઓ વિદ્યાર્થીઓને ખૂબ જ ઉપયોગી નીવડે છે.

૫. ચિત્રકલા તથા સ્થાપત્ય અંગેની પરીક્ષા :– વિદ્યાર્થીઓમાં રહેલી વિશિષ્ટ કલા/પ્રતિભાને ખીલવવા આ પરીક્ષા દ્વારા તક મળે છે. આ પરીક્ષા

ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા યોજાય છે. આ પરીક્ષા બે તબક્કામાં યોજાય છે. પ્રથમ વર્ષે ઈન્ટરમિડિયેટ કક્ષાની પરીક્ષા યોજાય છે. કલા અને સ્થાપત્યના વ્યવસાયમાં જોડાનાર વિદ્યાર્થીઓને આ પરીક્ષાના પ્રમાણ પત્રો ખૂબ જ ઉપયોગી નીવડે છે.

૬. રામાનુજન મેથ્સ ક્લબ દ્વારા યોજાતી ગણિત વિષયની પરીક્ષા :– સમગ્ર ભારત દેશના વિવિધ રાજ્યોમાં વ્યાપ ધરાવતી "રામાનુજન મેથ્સ ક્લબ" દ્વારા વિદ્યાર્થીઓમાં ગણિત જેવા વિષયમાં રસ–રૂચિ પેદા થાય તે હેતુથી ગણિત વિષયની પરીક્ષા લેવામાં આવે છે. ઉપરાંત ગણિત વિષયના વિવિધ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવે છે. આપણી શાળામાંથી બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરીને પરીક્ષામાં બેસાડવામાં આવે છે. મેરીટમાં આવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામો આપવામાં આવે છે.

શાળામાં થતી વિવિધ પ્રવૃત્તિઓમાં શાળાનો સમગ્ર સ્ટાફ ઉત્સાહપૂર્વક જોડાય છે.

અહેવાલ :– આચાર્યશ્રી મગનભાઈ સુથાર

# સરસ્વતી સન્માન સમારોહ–સુખપર

તા. ૬–૭–૧૪ રવિવારનાં રોજ શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત પાઠશાળા, સુખપર મધ્યે યોજાયેલ સરસ્વતી સન્માન સમારોહ અંતર્ગત ભુજ શ્રી સ્વામિનારાયણ વિદ્યાલયના સંચાલક સ્વામી હરિવલ્લભદાસજી તથા સ્વામી અક્ષરમુક્તદાસજી અને સંસ્થાના પ્રમુખશ્રી શીવજીભાઈ પાધરા, મંત્રીશ્રી કરસનભાઈ હાલાઈ તથા જનકભાઈ ભટ્ટ આદિ ટ્રસ્ટીઓ દ્વારા દ્વીપ પ્રાગટ્ય કરી આ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી.

ત્યારબાદ સંસ્કૃત પાઠશાળાનાં ધોરણ–૧૧નાં વિદ્યાર્થીઓએ સરસ્વર વેદની ઋચાઓ ભણીને વાતાવરણમાં શાંતિ પાથરી તે પછી સર્વે મહેમાનો અને આગન્તુકોનું સ્વાગત ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓએ સ્વાગત ગીતથી કર્યું. ત્યારબાદ શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત પાઠશાળાના આચાર્યશ્રી દુર્ગેશભાઈએ શાળાની માહિતી આપી. તથા શૈક્ષણિક જગતમાં સંસ્કૃતનું મહત્ત્વ અને સરસ્વતી સન્માનનું મહાત્મય જણાવ્યું ત્યારબાદ પરિણામની જાહેરાત કરવામાં આવી જેમાં ધો.૯નું પરિણામ ૧૦૦%, ધો.૧૦નું પરિણામ ૯૭.૧૪%, ધો.૧૧નું પરિણામ ૧૦૦% તથા ધો. ૧૨નું પરિણામ ૧૦૦% જાહેર કર્યું હતું અને તેમાં પ્રથમ ત્રણ ક્રમાંક પ્રાપ્ત કરનાર તેજસ્વી છાત્રોને આશીર્વાદ રૂપે સંતો દ્વારા ઈનામ આપી તેઓનું સન્માન કર્યું. ત્યારબાદ ધો.૧૨ના છાત્ર બાલાસરા રોહિત હસમુખભાઈએ સંસ્કૃત ભાષામાં પ્રવચન કરી ભારતીય સંસ્કૃતિના આધારભૂત ૧૬ સંસ્કારો વિશે પરિચય આપ્યો અને જોષી અમન રમેશભાઈ દ્વારા અંગ્રેજીમાં સ્વામી વિવેકાનંદના જીવન વિશે પોતાના વિચારો વ્યક્ત કરાયા. ત્યારબાદ ટ્રસ્ટી મંડળમાં વિપુલભાઈ મહેતાએ બ્રાહ્મણોનું મહત્ત્વ અને વર્તમાન સમયમાં વ્યસન મુક્તિ અને નૈતિક મૂલ્યો તથા સર્વાંગી વિકાસ વિશેની માહિતી આપી ત્યારબાદ કરસનભાઈ હાલાઈએ સંસ્થાની જાળવણીના નિયમો અને ચારેય આશ્રમના મહત્ત્વ વિશેની માહિતી આપ્યા બાદ મુખ્ય અતિથિ સ્વરૂપે આવેલ વિદ્યાર્થી ભવન ભુજના સંચાલક શાસ્ત્રી સ્વામી હરિવલ્લભદાસજીએ ઉર્ધ્વ તિલક તથા કંઠીનું મહત્ત્વ અને તેમાં બિરાજીત શ્રી લક્ષ્મીનારાયણનું સ્થાન જણાવી વિદ્યાર્થીના પાંચ લક્ષણો બતાવ્યા અને તે લક્ષણો મુજબ વિદ્યાર્થીઓ ભણે એવા રૂડા આશીર્વાદ પાઠવ્યા. ત્યારબાદ દુર્ગેશભાઈએ

રામાયણના ઉદાહરણ દ્વારા વિદ્યાર્થીઓને શુભકાર્યોમાં વિલંબ ન કરવો, ક્રોધમાં કોઈ ફેંસલો ના લેવો એ જણાવ્યું તે પછી જનકભાઈ ભટ્ટ "ચરાતી ચરતો ભગ:"એ સુક્તિનચિત્રોો ચરિતાર્થ કરતા સમયનું મહત્ત્વ સમજે અને સદ્ઉપયોગ વિદ્યાર્થીઓ કરે એ માટે ટકોર કરી. ત્યારબાદ સંસ્થાએ ધો.૯ના નવા છાત્રોને પૂજાપેટી અને સંસ્થાના પ્રતિકવાળી સાલ આપી અને અંતે શ્રી કેશવજીભાઈ ભુડીયાએ આ કાર્યક્રમની આભારવિધિ કરી હતી.

આ કાર્યક્રમમાં ટ્રસ્ટીશ્રી પ્રવિણભાઈ રાબડીયા, દિનેશભાઈ ગોર, વિપુલભાઈ મહેતા, પ્રેમજીભાઈ વાગજીયાણી તથા સંસ્થાના કર્મચારીઓએ પણ હાજરી આપી સાથ સહકાર આપ્યો હતો. અને કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્યશ્રી દુર્ગેશભાઈએ કર્યું હતું.

અહેવાલ :- દુર્ગેશભાઈ ભટ્ટ

# શ્રી સહજાનંદ ગુરુકુળ - માનકુવા

ધો. ૧૦ અને ૧૨માં શ્રેષ્ઠ પરિણામ મેળવતું શ્રી પુરુષોત્તમ વિદ્યાલય - માનકુવા

શ્રી સહજાનંદ ગુરુકુળ સંચાલિત ગુજરાતી માધ્યમની શ્રી પુરુષોત્તમ વિદ્યાલય દ્વારા ચાલુ વર્ષે પણ ધો. ૧૦ અને ધો. ૧૨(સા.પ્ર.)માં સારું પરિણામ મેળવી મેદાન માર્યું હતું.

દર વર્ષે ઉત્કૃષ્ટ પરિણામ મેળવતી આ શાળામાં ચાાલુ વર્ષે ૨૦૧૩-૧૪ ઉત્કૃષ્ટ પરિણામ મેળવ્યું હતું. ધો. ૧૦માં કુલ ૭૧ વિદ્યાર્થીઓ પરીક્ષા આપેલ. જે અન્વયે ૦૫ વિદ્યાર્થીઓ ૮૦% થી વધુ, ૧૫ વિદ્યાર્થીઓ ૭૦%થી વધુ, ૩૫ વિદ્યાર્થીઓ ૬૦%થી વધુ તેમજ ૧૦ વિદ્યાર્થીઓ ૫૦% થી વધુ ગુણ મેળવેલ. આમ ૭૧ વિદ્યાર્થીઓ પૈકી ૬૫ વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયેલ, જ્યારે ૦૬ વિદ્યાર્થીઓ અનુર્તીણ રહ્યા હતા.

આમ ધો. ૧૦નું કુલ પરિણામ ૯૧.૫૫% રહ્યું હતું. જેમાં ૮૦%થી ઉપર અવાડીયા સોહિન પાંચાભાઈ, હડિયા વિવેક અશોકભાઈ, દિવાની પુનિત અરજણભાઈ, ડાંગર સુનિલ શામજીભાઈ અને વારોત્રા નવિન લખમણભાઈ રહ્યા હતા.

જ્યારે ધો. ૧૨(સા.પ્ર.)માં કુલ ૩૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપેલ જેમાં ૦૮ વિદ્યાર્થીઓ ૭૦% ઉપર, ૧૪ વિદ્યાર્થીઓ ૬૦% ઉપર, ૧૧ વિદ્યાર્થીઓ ૫૦%થી વધુ ગુણ પ્રાપ્ત કર્યા હતા. જેમાં માત્ર ૨ વિદ્યાર્થીઓ અનુતીર્ણ રહ્યા હતા. અકંદરે કુલ પરિણામ ૯૪.૨૯% રહ્યું હતું. જેમાં પ્રથમ નંબરે ઠક્કર હિમાશું જયંતિલાલ ૭૯% સાથે રહ્યા હતા.

આમ બન્ને વિભાગમાં ઉત્કૃષ્ટ પરિણામથી વિદ્યાર્થીઓમાં ઉત્સાહનો વધારો જોવા મળ્યો હતો. જે માટે સંસ્થાના સંચાલક સંતો પ.પૂ. સ્વામી દેવકૃષ્ણદાસજી તથા સર્વે સંત મંડળ, ટ્રસ્ટીગણ, સ્ટાફગણે વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા, સાથે શિક્ષકોની મહેનતને પણ બિરદાવવામાં આવી હતી.

અહેવાલ :- સ્વામી ગોલોકવિહારી દાસજી


## ગ્રાહક છો ? તો બીજાને બનાવો

ભુજ મંદિરનું મુખપત્ર માસિક શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશમાં દેશ-વિદેશના કચ્છ સત્સંગના સમાચારો સાથે પ્રેરણાદાયી લેખો દ્વારા સત્સંગની સેવા કરવામાં આવે છે. આપ દૂર-દૂર બેઠા હો તો પણ લવાજમ ભરી આજીવન દેશમાં ૫૦૦/- વિદેશમાં ૬૦૦૦ રૂ. ભરી આજે જ થઈ ઘેર બેઠા માસિકપત્ર મેળવો. વાંચો અને વંચાવો.

# શ્રી સ્વામિનારાયણ મંદિર કોડકી – સામાન્ય સભા

તા. ૧૮–૬–૧૪ બુધવારના મંદિરના ચોકમાં સર્વે હરિભક્તોની એક સામાન્ય સભા રાખવામાં આવેલ. જેમાં મંદિરનો ૨૦૧૩–૧૪નો વાર્ષિક હિસાબ મંદિરના મંત્રી ભીમજીભાઈ સામજી વરસાણી વાંચી સંભળાવેલ. ત્યારબાદ મંદિરની કમિટીને ત્રણ વર્ષની મુદત પુરી થતાં તેમના રાજીનામાં બાદ નવી કમિટીની નિમણુક સર્વાનુમતે કરવામાં આવી હતી. તે નીચે મુજબ છે.

પ્રમુખ – હિરાણી ધનજીભાઈ કુંવરજી, ઉપપ્રમુખ હાલાઈ નારણભાઈ લાલજી, મંત્રી વરસાણી ભીમજીભાઈ સામજી, ઉપમંત્રી હિરાણી શીવજીભાઈ લાલજી, ખજાનચી વરસાણી હરજી રત્નાભાઈ, સહખજાનચી હાલાઈ ગોપાલભાઈ કેશરા, સભ્ય ખેતાણી અરજણભાઈ લાલજી, વરસાણી કેશરાભાઈ રત્ના, હિરાણી લાલજીભાઈ દેવજી, પુજારી વરસાણી સામજીભાઈ રત્ના.

અહેવાલ :– નારણ રવજી હાલાઈ, કોડકી

# પ્રસાદી મંદિર–ભુજ દ્વારા ભુજમાં પ્રથમવાર ઉજવાયો ભવ્ય રથયાત્રા મહોત્સવ

ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ વનવિચરણ દરમ્યાન જનન્નાથપુરી પહોચ્યા ત્યારે ત્યાંના રાજાએ પ્રભુનું ઓલૌકિક ઐશ્વર્ય જોઈ તેને ભગવાનપણાની ઓળખ થઈ ગઈ. ત્યારે અષાઢી બીજના પવિત્ર દિવસે રાજાએ જનન્નાથ ભગવાનની રથયાત્રામાં મનુષ્યરૂપે વિચરતા ભગવાનને રથમાં આગળ બેસાડી પૂજન કરી રથને ખેંચ્યો હતો. આ પાવનકારી પ્રસંગને જીવનમાં વણી લેવા મહંત સ.ગુ.પુ.સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી ભુજ શ્રી સ્વામિનારાયણ પ્રસાદી મંદિર દ્વારા સ.ગુ.પુ. સ્વામી કેશવપ્રસાદદાસજી તથા સ.ગુ. સ્વામી સનાતનદાસજીના અધ્યક્ષ સ્થાને તા. ૨૯–૬–૨૦૧૪, રવિવાર અષાઢ સુદ–૨ના રોજ ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ.ગુ. સ્વામી નિષ્કામચરણદાસજી, પુ. સ્વામી કેશવજીવનદાસજી, પુ. સ્વામી માધવપ્રસાદદાસજી તથા શા. સ્વામી સૂર્યપ્રકાશદાસજીના માર્ગદર્શન અને પ્રેમાળ ફૂંફથી સમગ્ર હિન્દુ સમાજ આ આયોજનમાં જોડાયો હતો. સમગ્ર હિન્દુ સમાજની ધર્મ જાગૃતિ, સંગઠન અને સમર્પણની ભાવનાથી સૌ કોઈને નવી પ્રેરણા મળી હતી.

અષાઢી બીજના પ્રાત:કાલે ઠાકોરજીની મહાપૂજા કરવામાં આવી હતી જેમાં ઉત્સવના મુખ્ય યજમાનો તથા અન્ય પ્રેમી ભક્તો જોડાયા હતા. ત્યારબાદ ૧૦:૩૦ વાગ્યે ઠાકોરજીને મહાથાળ ધરાવવામાં આવ્યો હતો. બપોરના ભોજનબાદ આયોજનને સફળ બનાવવા સ્વામી પરબ્રહ્મજીવનદાસજી તેમજ મંડળના અન્ય સંતો દ્વારા સ્વયંસેવકોને રથયાત્રા દરમ્યાન સેવાકાર્યમાં સાવધાની રાખવા અંગેના વિશિષ્ટ સૂચનો તેમજ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બપોરે ૩:૦૦ કલાકે ઠાકોરજી રથારૂઢ થયા બાદ મહંત સ.ગુ.પુ.સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ.પુ.સ્વામી કેશવપ્રસાદદાસજી, સ.ગુ. સ્વામી સનાતનદાસજી તથા પાર્ષદવર્ય જાદવજી ભગત આદિક સંતો પૂજન કરી, રથયાત્રાનો વિધિવત્ પ્રારંભ કરાવ્યો હતો. આ રથમાં સદ્ગુરુ સંતોની સાથે યજમાનશ્રીઓ ધોતી ઝબ્ભાના પરિવેષમાં સેવક રૂપે રહ્યા હતા. આ રથયાત્રા ઉત્સવમાં આર્થિક સેવા કરનાર મુખ્ય યજમાનપદે પ.ભ. કિશોરભાઈ દેવજી પોકાર–કોચીન, લાલજીભાઈ વિશ્રામ વેકરીયા – નારણપર, દિનેશભાઈ કેશરા હિરાણી – સુખપર(રોહા), અવનિશભાઈ નારણભાઈ વરસાણી – બળદીયા, ગોવિંદભાઈ શીવજી ગોરસીયા – સુખપર, મુળજીભાઈ દેવશી દબાસીયા – માનકુવા, શીવજીભાઈ નારણભાઈ રાબડીયા – સરલી તથા દેવશીભાઈ વાલજી વરસાણી – સામત્રા

રહ્યા હતા. આ કાર્યમાં સાં.યો. કુંવરબાઈ હિરાલાલ વાગજીયાણી–માધાપર, સાં.યો. બહેનો – કોડકી, વાલજી રત્ના હાલાઈ – કોડકી તથા શ્રીજી ઓફસેટ – ભુજ આદિએ આર્થિક સહયોગ આપ્યો હતો.

ધોતી અને ઝભ્ભાના પહેરવેશમાં રથને ખેંચી રહેલ ૨૦૦ યુવાનો ભવ્ય ભૂતકાળની યાદ તાજી કરવાતા હતા. વિવિધ વેશભૂષામાં સજ્જ કોડકી, માંડવી અને ભુજની મંડળીના ભક્તો કીર્તનના ગાન સાથે ઝાંજ–પંખાજ, મંજીરાના તાલથી વાતાવરણમાં ભક્તિરસની ભીનાશ પ્રસરાવતા હતા. કચ્છી લેવા પટેલ કુમાર વિદ્યાધામના વિદ્યાર્થીઓ રથયાત્રા દરમ્યાન પ્રભુને પ્રસન્ન કરવા કરેલ નૃત્યના વિવિધ દાવો રથયાત્રાને દર્શને ઉમટેલ માનવ મહેરામણમાં ભારે આકર્ષણ જમાવ્યું હતું. ૫૧–તરવરતા હિન્દુ યુવા ઢોલ વાદકોએ તાલબદ્ધ ઢોલ વગાડી રથયાત્રાની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત પાઠશાળાના બ્રાહ્મણો દ્વારા થતો વેદધ્વનિ સૌના મનને શાંત કરી ભારતીય સંસ્કૃતિની ભવ્યતા અને દિવ્યતાની અનુભૂતિ કરાવતો હતો. શંખ–ચક્ર–ગદા–પદ્મ આદિક ચિહ્નોએ યુક્ત અબદાગીરી(છત્ર) લઈને ચાલતા શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભુવનના વિદ્યાર્થીઓ તથા નાના બાળકો ઉજ્જવળ ભવિષ્યની ઝાંખી કરાવતા હતા. રથયાત્રામાં કાષ્ઠરથ વાહન અને મયુરરથ પણ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. બેન્ડપાર્ટીના સુરો વાતાવરણને ગજાવતા હતા. અશ્વારુઢ એવા જે રાજ પોષાકમાં સજ્જ યુવાનો રાજ અસવારીની યાદ તાજી કરાવતા હતા.અગ્ર સ્થાનમાં ચાલી રહેલ મયૂરરથ પર થઈ રહેલ શંખ તથા દુંદુભીના નાદ સાથે છડીનો પુકાર દર્શનાર્થીઓને રથયાત્રાની ભવ્યતા અને દિવ્યતાની એંધાણી આપતો હતો. શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની યુનિફોર્મમાં સજ્જ થયેલ દીકરીઓનું શિસ્ત અને સંસ્કારે યુક્ત જીવનશૈલી સૌ કોઈને સંસ્કારનો સંદેશ આપતી હતી. આ રથયાત્રાના આયોજનને સફળ બનાવવા કોઠારી શા. સ્વામી શુકદેવસ્વરૂપદાસજી તથા કોઠારી સ્વામી પરમેશ્વરસ્વરૂપદાસજી, સ્વામી શૌનકમુનિદાસજીએ ભારે જહેમત ઉઠાવી હતી, તેમની કાર્યસૂઝને સૌ કોઈએ બિરદાવી હતી. તેમજ આ વિશાળ આયોજનને સફળ કરવા કોઠારી સ્વામી ભગવદ્જીવનદાસજી તથા કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી તથા સ્વામી ધર્મસ્વરૂપદાસજી તથા વિદ્યાર્થી સંતો તેમજ અન્ય સંતોનો સહયોગ સાંપડ્યો હતો.

રથયાત્રા દરમ્યાન જેમણે પોતાના જીવનરથનું સુકાન ભગવાનને સોંપ્યુ છે એવા સવાસો જેટલા સંતો આ રથને ખેંચી ઈશ્વર સમર્પણ અને સેવાકાર્યમાં નિર્માનીપણાનો ભાવ રાખવાનો સંદેશ આપ્યો હતો એ ઉત્સવની સૌથી મહત્ત્વની અને યાદગાર ક્ષણ હતી. ભુજનગરના રાજમાર્ગો કચ્છભરના ભક્તો અને ધર્મપ્રેમીઓથી છલકાતા હતા. આ દિવ્ય ઉત્સવના દર્શન કરનાર સર્વે સંતો, સાંખ્યોયોગી બહેનો તથા અન્ય પ્રેમી ભક્તોના અંતરમન ભાવાવેશથી છલકાતાં જોવા મળ્યાં હતાં. રથયાત્રા દરમ્યાન હમીરસર સર્કલ પાસે હમીરસર જળથી ઠાકોરજીનું પૂજન કરવામાં આવ્યું હતું. તેમજ શ્રીહરિ સ્વામી આદિક સંતો તથા હિન્દુ ધાર્મિક સંસ્થાના અગ્રણીઓ તથા સામાજિક અગ્રણીઓએ ભગવાનને પુષ્પાંજલી અર્પણ કરી ધન્યતા અનુભવી હતી. કચ્છમિત્ર સર્કલ પાસે સંસ્થાકીય અગ્રણીઓ, પત્રકાર મિત્રો ઠાકોરજીને પુષ્પાંજલી અર્પણ કરી હતી, અને સ્વામિનારાયણ(જ્યુબિલી)સર્કલ પાસે રાજકીય મહાનુભાવોએ ઠાકોરજીના દર્શન અને પૂજનનો લ્હાવો લીધો હતો. આ રથયાત્રામાં અંદાજે ૪૦ થી ૪૫ હજાર લોકો દર્શન માટે ઉમટ્યા હતા. કાળજાળ ગરમીના દિવસોમાં આવેલ દરેકને શીતળ જળ, શરબત તથા શેરડી રસથી તૃપ્ત કર્યા હતા. પાણી કે શરબતના પાઉચ તથા હજારો ડિસપોસલ ગ્લાસનો વપરાશ રથયાત્રા દરમ્યાન થયો હતો. સુખપરના કેટલાક યુવાનોએ માન–મોટપ એક બાજુ મૂકી સમર્પણ ભાવથી રથયાત્રા દરમ્યાન થતી ગંદકીને જાતે કચરો ઉપાડી સૌ કોઈને સ્વચ્છ શહેર, સ્વચ્છ

ગામના સંદેશનું પ્રત્યક્ષ દર્સન કરાવી સહજાનંદી સંદેશ આપ્યો હતો.

અંતમાં રથયાત્રા શ્રી સ્વામિનારાયણ નૂતન મંદિરે વિરામ પામી ત્યારે મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજીએ ઉપસ્થિત ભક્તોને આશીર્વાદ આપ્યા હતા. રથયાત્રાના આર્થિક ખર્ચમાં ધનથી સેવા કરનાર યજમાનશ્રી અને શારીરિક અને માનસિક સેવા કરી ટૂંકા સમયગાળામાં રથ નિર્માણ કરવાની મહત્ત્વની સેવા કરનાર માધાપરના પ.ભ. અરજણભાઈ તથા માધાપરના યુવાનોના સેવાકાર્યને મહંત સ્વામીએ બિરદાવ્યું હતું. આ રથારૂઢ ઠાકોરજીની મહાઆરતી લ્હાવો ગામ કેરાના (હા.લંડન) પ.ભ. હિતેશભાઈ પરબત ભુડીયા, ધ.પ. જયશ્રીબેન તથા પુત્ર પરેશ ધ.પ. નીતિકા, પુત્ર પ્રિયેશભાઈ ધ.પ. જ્યોતિકાબેન, પુત્ર મીનેશકુમાર તથા પૌત્ર ધનેશ આદિક સમગ્ર પરિવારે ચડાવવાનો ઊંચો આંક આપી લીધો હતો. અંતમાં જગન્નાથ ભગવાન તથા હરિકૃષ્ણ મહારાજની મહાઆરતી થયા બાદ પ્રસાદ વિતરણ થયું હતું.

અહેવાલ :- કોઠારીશ્રી, શ્રી સ્વામિનારાયણ પ્રસાદી મંદિર, ભુજ

## શ્રીહરિ તપોવન ગુરુકુલ ગંગાજીના આંગણે પરંપરાગત ગુરુપૂજન...

દિનાંક : ૧૩/૦૭/૨૦૧૪, રવિવારના શુભ દિને શ્રીહરિ તપોવન ગુરુકુલ ગંગાજી, રામપર–વેકરાના આંગણે ગુરુપુર્ણિમાના ઉપલક્ષ્યમાં ગુરુપૂજનનો કાર્યક્રમ ભાવાત્મક વાતાવરણ સહ સંપન્ન થયો હતો.

ભારતીય સંસ્કૃતિની આધારશીલા સમાન આ ગુરુ – શિષ્યની પરંપરાને ઉજાગર કરનાર ગુરુપૂજનના ભાવાત્મક કાર્યક્રમમાં પરમ્ વંદનીય એવું ગુરુ સ્થાન શ્રી સ્વામિનારાયણ મંદિર, અંજારથી પધારેલ સદ્. પુરાણી સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સદ્. પુરાણી સ્વામી શાંતિપ્રિયદાસજી અને રામપર દેશમાં સત્સંગ વિચરણ કરતા સદ્. શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજીએ શોભાવ્યું હતું; આ સાથે સંસ્થા સંચાલક શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી, ગવૈયા સ્વામી શ્રીજીનંદનદાસજી, પુરાણી સ્વામી બદ્રીશ્વરદાસજી, પુરાણી સ્વામી વ્યાસમુનિદાસજી, પુરાણી સ્વામી ભક્તિવેદાંતદાસજી, સ્વામી પૂર્ણસ્વરૂપદાસજી, સ્વામી સત્યજીવનદાસજી અને પાર્ષદ અશ્વિન ભગતે સમગ્ર કાર્યક્રમ દરમ્યાન ઉપસ્થિત રહી કાર્યક્રમને દિવ્યતા બક્ષી હતી. આ કાર્યક્રમમાં પ.ભ.શ્રી ભીખાલાલ લાલજી રાબડીયા, પ.ભ.શ્રી હરજીભાઇ ખોડા વેકરીયા, પ,ભ.શ્રી લક્ષ્મણભાઇ મનજી વરસાણી, પ.ભ.શ્રી પ્રવિણભાઇ પીંડોરીયા, સંસ્થા પરીસર નિયામક શ્રી વિનોદચંદ્રભાઇ સુથાર, શાળાના નિયામક શ્રી શીવશંકરભાઇ નાકર, આદિક રામપર, વેકરા તથા વાડાસર ગામના હરિભક્તો, વાલીશ્રીઓ, વિદ્યાર્થીઓ તથા તમામ કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાત: સ્મરણીય સંતો, મહેમાનો અને સૌ ઉપસ્થિતોના આગમન સમયે શ્રીસ્વામિનારાયણ મહામંત્રની ધૂને સમગ્ર વાતાવરણને પ્રસંગોચિત બનાવેલ. મંચસ્થ મહાનુભાવોના વરદ્ હસ્તે દીપ પ્રાગટ્ય થયા બાદ પતિત પાવન જનમંગલ નામાવલીના સમુહપાઠ સાથે ગુરુજનોના પણ ગુરુ એવા શ્રીહરિકૃષ્ણ મહારાજનું પૂજન કરવામાં આવ્યું હતું. ગુરુ વંદનાના શ્લોક ગાયન સહ સૌ ઉપસ્થિતોનું પ્રતિનિધિત્વ કરતા ગુરુકુલના ત્રણ વિદ્યાર્થીઓ દ્વારા ભગવદ્ ભજન કરતાં કરતાં પોતાના કર્તવ્યનું વહન કરી જન્મ મરણના ફેરામાંથી મુક્ત થવું એ જ માનવ જીવનનો એક માત્ર ધ્યેય છે એવું જ્ઞાન આપનાર અને ભગવાનની ઓળખ કરાવનાર વાત્સલ્યમૂર્તિ પૂજ્ય સંતોનું પરંપરાગત પૂજન કરી પૂજનવિધિ સંપન્ન કરવામાં આવેલ. પ્રસાદીની પુષ્પ માળા દ્વારા આગંતુકોના

સ્વાગત સત્કારવિધિ થયા બાદ શ્રીહરિ વિદ્યામંદિરના બાલ કલાકારોએ સખાભક્તિ થકી મહારાજનો અખંડ રાજીપો મેળવનાર કવિવર સદ્. બ્રહ્માનંદ સ્વામી દ્વારા રચિત અને સત્યજીવનદાસજી સ્વામી દ્વારા માર્ગદર્શિત "ગુરુ ગુરુ કહત સંસારા..." પદની નૃત્ય સાથે પ્રેરક રજૂઆત કરવામાં આવી હતી; જ્યારે "જ્ઞાન અને પરિવર્તન" નામક રૂપક વડે મહાકવિ વાલ્મિકીના જીવન પ્રસંગને વિદ્યાર્થીઓએ અભિનય સાથે રજુ કરી જીવનમાં ગુરુનું કેટલું મહત્વ છે એ બાબતની સમજ પુરી પાડી હતી. પ્રસંગોચિત્ત આશીર્વચન આપતા સંસ્થા સંચાલક શાસ્ત્રી સ્વામી શ્રી દેવચરણદાસજીએ મનુષ્ય જીવનમાં ગુરુની ભૂમિકા ભજવનારા દરેક વ્યક્તિત્વની ઓળખ આપી તેનું આપણી જીવનયાત્રામાં યોગદાન સમજાવી તેમના પ્રત્યે આદર અને પૂજ્યભાવ રાખવાની મીઠી ભલામણ કરી હતી. ગુરુકુલના પ્રાર્થના મંદિરમાં બિરાજેલ શ્રીઘનશ્યામ મહારાજ, શ્રીનરનારાયણ દેવ, શ્રીરાધાકૃષ્ણદેવ આદિક દેવોની આરતી કરી સૌને પ્રસાદ વિતરણ સહ કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવેલ. સંચાલક સંતો તથા શાળાના આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમના વ્યવસ્થાપન અને સંચાલનનો દોર શ્રી નયનભાઇ ચાવડાએ સંભાળ્યો હતો.

– અહેવાલ : આચાર્યશ્રી વિમલભાઇ સી. રાવલ

## શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ સંચાલિત શ્રી ઘનશ્યામ એકેડેમી, નારણપર

શ્રી ઘનશ્યામ એકેડેમી નારણપરના પ્રાંગણમાં પવિત્ર ગુરુપૂર્ણિમાં ઉજવાઇ :

તા. ૧૨-૭-૨૦૧૪ શનિવાર અષાઢ સુદ પૂનમના પાવન દિવસે શ્રી ઘનશ્યામ એકેડેમી (ઝ.મ્.જી.ઈ.) નારણપરના વિદ્યાર્થીઓએ પણ ભારતીય પરંપરા મુજબ ગુરુપૂજનનો અનેરો લ્હાવો લીધો હતો.

આ પાવન પ્રસંગે સૌપ્રથમ જ્ઞાનની દેવી મા સરસ્વતી અને ત્યારબાદ સર્વે ગુરુઓના ગુરુ એવા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના પૂજનથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. વિદ્યાર્થીઓએ સંસ્થા પ્રમુખ સ્વામી નારાયણવલ્લભદાસજી તથા સંચાલક સંતો, શાળાના આચાર્યશ્રી, તથા શિક્ષકોનું કુમકુમ અક્ષતથી પૂજન કરી તેમના અમૂલ્ય આશિષ પ્રાપ્ત કર્યા હતા. ત્યારબાદ વિદ્યાર્થીઓએ ગુરુવંદના અંતર્ગત દોહા, છંદ અને સમૂહગીત રજૂ કરી ઉપસ્થિત સર્વેને ભાવવિભોર કરી દીધા હતા. શાળાની વિદ્યાર્થિનીએ ગુરુ તથા સદ્ગુરુ પર પોતાનું વક્તવ્ય આપ્યું હતું. ઉપસ્થિત સંતોએ સર્વેને શુભાશિષ આપ્યા હતા.

આ કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન શાળા પરિવારે પોતાની પૂર્ણ નિષ્ઠાપૂર્વકથી કરી સફળ બનાવ્યો હતો.

લોકજાગૃતિ અર્થે વિદ્યાર્થીઓએ 'વૃક્ષ બચાવો'ના બોર્ડ લગાવ્યા :

કેરા તા. ૭ જુલાઈ, વન મહોત્સવના દિવસે લોકોમાં જાગૃતિ આવે તથા પર્યાવરણ અને વૃક્ષોને બચાવવા લોકોમાં સજાગતા લાવવા માટે નારણપરની શ્રી ઘનશ્યામ એકેડેમી (C.B.S.E.) સ્કૂલનાં છાત્રોએ પટેલ ચોવીસીના બળદિયા, નારણપર, કેરા, સુરજપર અને કુંદનપરના જાહેર માર્ગે આવેલા વૃક્ષો પર 'સેવ ટ્રી'ના બોર્ડ લગાડ્યા હતા.

આજની પરિસ્થિતિમાં વિદ્યાર્થી દ્વારા કરાયેલ લોકજાગૃતિનું આ કાર્ય સરાહનીય છે. આ કાર્યક્રમને શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકોએ સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું માર્ગદર્શન શાળાના આચાર્યશ્રી જીતેન્દ્ર ખેમચંદ તથા સંચાલક સંતોએ આપ્યું હતું.

અહેવાલ :- આચાર્યશ્રી

# શ્રી નરનારાયણ નગર આયોજીત એક દિવસીય સત્સંગ શિબિર

શ્રી નરનારાયણ નગર સુખપરમાં કચ્છશ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા સંતોના સાંનિધ્યમાં એક દિવસીય સત્સંગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

સ્વામી સંતજીવનદાસજી, પુરાણી સ્વામી જયકૃષ્ણદાસજી, પુરાણી સ્વામી શ્યામકૃષ્ણદાસજી, પુરાણી સ્વામી ઘનશ્યામપ્રસાદદાસજી, ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી તથા સ્વામી જયહરિદાસજીનાં માર્ગદર્શન હેઠળ તા. ૧૩-૭-૧૪ રવિવારનાં રોજ ગામ નરનારાયણ નગર સુખપરના સભ્યો દ્વારા ગામ ફોટડીમાં આવેલ શિવનાથ મહાદેવનાં સાંનિધ્યમાં એક દિવસીય સત્સંગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ શિબિરમાં નરનારાયણનગરના પ્રમુખ શિવજીભાઈ વિશ્રામ વરસાણી તથા યુવક મંડળના સંચાલક લાલજીભાઈ વેલજી વાઘાણી તેમજ સહસંચાલક ધનજીભાઈ માવજી ભુવાએ યુવાનોને સાથે રાખીને સરસ વ્યવસ્થા ગોઠવી હતી.

સૌપ્રથમ સત્સંગ શિબિરાર્થી સર્વે સંતો બાળકો, યુવાનો, વડીલો તથા સુખપર નરનારાયણનગરના, ફોટડી ગામના સાંખ્યયોગી બહેનો તેમજ કર્મયોગી બહેનો સર્વે દ્વારા સવારે આ શિબિરની શુભ શરૂઆત ભગવાનની પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ સ્વામી ઘનશ્યામપ્રસાદદાસજીએ વચનામૃતનું વાંચન કરીને સરસ રીતે સમજાવ્યું હતું.

ત્યારપછી ભુજથી પધારેલ સ્વામી પરમહંસદાસજીએ નૈતિકતાનો બોધ આપ્યો હતો. ત્યારપછી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ શ્રી નરનારાયણદેવનો મહિમા તથા ઉપાસના વિષે વ્યાખ્યાન આપીને સોને શ્રી નરનારાયણદેવ તથા ભુજ મંદિરના વફાદાર અને એક નિષ્ઠાવાળા થઈને રહેવાનું કહ્યું હતું. સંતોના પ્રવચનો બાદ મૂર્તિને એક વાર નિહાળીને મૂર્તિમાં કેટલા તીલો છે તે બીજી મૂર્તિમાં લખવામાં આવ્યા હતા. સત્સંગ સબંધી પરીક્ષા લેવામાં આવી હતી. ત્યારપછી શિબિરમાં પધારેલ સૌ કોઈને ભોજનરૂપી મહાપ્રસાદ આપવામાં આવ્યો હતો. અને આ મહાપ્રસાદના યજમાનપદે લાલજીભાઈ હરજી ગોરસીયા સહપરિવાર રહીને સેવાનો લાભ લીધો હતો.

બીજા સત્રમાં સૌ પ્રથમ "મંદિર વિષે મારી ફરજો" આ વિષય ઉપર નિબંધ સ્પર્ધા રાખવામાં આવી હતી. ત્યારે સૌ યુવાનોએ હર્ષભર ભાગ લઈને મંદિરની ફરજો વિષે પોતાના મંતવ્યો આપ્યા હતા.

ડૉ. સ્વામી સત્યપ્રસાદદાસજી જ્ઞાન-વિજ્ઞાન વિષય પર સ્વામી જયકૃષ્ણદાસજી "મંદિર શા માટે ?" આ વિષય પર સુંદર વ્યાખ્યાન આપીને સૌને આનંદિત કર્યા હતા.

ત્યારપછી શિબિરમાં દર્શન આપવા માટે પધારેલા પુરાણી સ્વામી સ્વયંપ્રકાશદાસજી તથા પુરાણી સ્વામી મહાપુરુષદાસજી તેમજ પુરાણી સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજીએ સત્સંગની બળની વાતો કરીને સૌને સત્સંગ કરવાની હિંમત આપી હતી. અને "જો અને તો" જેવી રમુજી રમત રમાડીને સૌને હસાવીને હળવા ફુલ જેવા કરી નાખ્યા હતા.

આ શિબિરનું સંપૂર્ણ સંચાલન પુરાણી સ્વામી જયકૃષ્ણદાસજીએ કર્યું હતું.

અહેવાલ :- જગદીશ નાનજી ગોરસીયા

# શ્રી સ્વામિનારાયણ ઉચ્ચતર માધ્યમિક વિદ્યાલય, ભુજ

શ્રી સ્વામિનારાયણ વિદ્યાલયના વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓના વાલીઓનું સંમેલન તાજેતરમાં યોજવામાં આવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં વિદ્યાર્થીઓને તથા વાલીઓને ધો.૧૨ સાયન્સ બાદ સ્ટેટ લેવલ તથા નેશનલ લેવલે લેવાતી JEE અને GUJCET પરીક્ષા ઉપરાંત શાળા કક્ષાએ પખવાડિક પરીક્ષાની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

કાર્યક્રમના પ્રારંભમાં શાળા પરિવારના માન.શ્રી પંડ્યા સાહેબે તમામ વાલીઓ તથા મહેમાનોને આવકાર્યા હતા ત્યારબાદ જુદા જુદા તજજ્ઞ મિત્રોએ વિવિધ પરીક્ષાઓની વિસ્તૃત સમજ પૂરી પાડી હતી. શાળાના પ્રિન્સિપાલશ્રી નિષદભાઈ મહેતાએ સાયન્સના અભ્યાસક્રમ અને અન્ય પ્રવાહના અભ્યાસક્રમ વિશે જાગૃત કર્યા હતા.

તજજ્ઞોના ઉદ્‌બોધનબાદ ટ્રસ્ટ તરફથી રૂા. ૫૦,૦૦૦/- ની શિષ્યવૃત્તિનું શાળાના ટ્રસ્ટીઓ અને પ.પૂ. સંતો દ્વારા વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં તમામ ચાર સેમેસ્ટરમાંથી પ્રથમ ત્રણ નંબર પ્રાપ્ત કરનાર અને ૯૦% થી ઉપર માર્કસ મેળવનારા કુલે ૧૨ વિદ્યાર્થીઓને અનુક્રમે રૂા. ૬૦૦૦/-, ૪૦૦૦/- અને ૨૫૦૦/- કુંલ રૂા. ૫૦,૦૦૦/-ની શિષ્યવૃત્તિનું વિતરણ કરવામાં આવ્યું હતું.

પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શ્રી સ્વામિનારાયણ કેળવણી મંડળના મંત્રીશ્રી વિનોદભાઈ શિયાણીએ સંસ્થા પરિચય અને શિક્ષકોના તેમના વિષયની નિપુણતા અને અનુભવ દર્શાવીને પોતાની આગવી લાક્ષણિક શૈલીમાં પરિચય કરાવેલ તથા ઉત્તમ પરિણામો લાવનારા શિક્ષકોને બિરદાવતા વાલીઓને ધરપત આપી હતી કે, આપના બાળકના ઉત્તમ પરિણામ માટે આપણો સહિયારો પ્રયાસ જરૂર રંગ લાવશે.

કેળવણી મંડળના ઉપપ્રમુખ અને આ શાળાના વર્ષો સુધી પ્રિન્સિપાલ પદ શોભાવનાર શ્રી જનકભાઈ ભટ્ટ સાહેબ ઉદાહરણ અને દ્રષ્ટાંતો દ્વારા જણાવ્યું હતું. આ શાળામાં વિજ્ઞાનની સાથે જ્ઞાનનું વિતરણ થઈ રહ્યું છે. અવસરરૂપી ઝોલામાં તમારાથી સમેટાય એટલું જ્ઞાન સમેટી લ્યો. કેળવણી મંડળના શ્રી દિનેશભાઈ પિંડોરીયાએ પણ પ્રાસંગિક ઉદ્‌બોધન કરીને વિદ્યાર્થીઓને મહેનત કરવા એકાગ્ર બનવાની શીખ આપી હતી.

કેળવણી મંડળના પ્રમુખ માન.શ્રી ભરતભાઈ મહેતાએ "મિલે સૂર મેરા તુમ્હારા" ની ભાવાનાત્મક પંક્તિ બોલીને વાલીઓએ પોતાના પુત્રના વિકાસમાં શાળાને સહયોગ આપીને હકારાત્મક અભિગમ દર્શાવવા અનુરોધ કર્યો હતો. મહેનતુ વિદ્યાર્થીઓને હંમેશા ઉત્તમ ફળો પ્રાપ્ત થાય છે.

સંસ્થાના સંચાલક શાસ્ત્રી સ્વામી હરિવલ્લભદાસજીએ ઉદાહરણ દ્વારા સમજાવ્યું હતું કે, લક્ષ્ય સિધ્ધિ માટે સુવ્યવસ્થિત આયોજન અને અવિરત મહેનત જરૂરી છે. જો આ બન્ને બાબતો વિદ્યાર્થીઓમાં હશે તો જ તે સુંદર પરિણામો મેળવી શકશે એવા આશીર્વાદ આપ્યા હતાં.

અંતમાં વાલીઓ સાથે પ્રશ્નોત્તરી થયા બાદ આભારવિધિ શ્રી ભગીરથભાઈ વોરાએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અંગ્રજીના શિક્ષક શ્રી અલ્પેશભાઈ જાનીએ કરી હતી.

વૃક્ષારોપણ :

શ્રી સ્વામિનારાયણ વિદ્યાલયના વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓમાં પર્યાવરણ અંગેની જાગૃતિ આવે તે માટે શાળાના પ્રાંગણમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

શાળાનું પ્રાંગણ પથ્થરના ખડકોને તોડીને સમતલ કરવામાં આવેલ છે. આવી ખડકાળ જમીનમાં જે.સી.બી.થી પાયો ખોદીએ તેમ સળંગ

ખોદીને ફરીથી તેમાં કાંપ, માટી અને ખાતર ભરીને મોટા પાયે વૃક્ષારોપણ કરવામાં આવ્યું.

વૃક્ષારોપણ શાસ્ત્રી સ્વામી હરિવલ્લભદાસજી, કેળવણી મંડળના પ્રમુખ માન.શ્રી ભરતભાઈ મહેતા, ઉપપ્રમુખ શ્રી જનકભાઈ ભટ્ટ સાહેબ. મંત્રીશ્રી વિનોદભાઈ શિયાણી, ટ્રસ્ટીશ્રી દિનેશભાઈ પિંડોરીયા તથા પ્રિન્સીપાલ માન.શ્રી નિષદભાઈ મહેતાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. વૃક્ષારોપણ કરતી વખતે શાસ્ત્રી સ્વામી હરિવલ્લભદાસજીએ જણાવ્યું હતુ કે, આજે પર્યાવરણ બગડી રહ્યું છે તેની સુરક્ષા માટે વૃક્ષારોપણ ખૂબ જ જરૂર છે.

વૃક્ષો રોપવા માટે વિદ્યાલયના એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓએ, સ્વામી અક્ષરમુક્તદાસજી સ્વામીએ ખૂબ જ જહેમત ઉઠાવીને ખાડાઓ કરાવીને વૃક્ષોની આડે ફેન્સીંગ કરાવેલ. આ કાર્યક્રમમાં તમામ ટ્રસ્ટીગણ, પ.પૂ. સંતો, શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અહેવાલ :– આચાર્યશ્રી નિષદભાઈ મહેતા

## માંડવીમાં સુવર્ણ શણગાર સજીત મંદિર, ૧૨ હિંડોળા સાથે કચ્છ દર્શનની ભવ્ય ઝાંખી સાથે પ્રદર્શનનું ભવ્ય ઉદ્‌ઘાટન

વર્ષા ઋતુથી નવ પલ્લવીત વનરાજીના આનંદિત સમયમાં ભગવાનને હિંડોળામાં પધરાવી ભક્તિભાવથી ઝુલીવવાનો અને તેની સેવાનો લાહ્વો હોવાનો ખાસ કચ્છનાં શ્રી સ્વામિનારાયણ મંદિરોમાં વિશેષ અવસર મળે છે. આવા સમયે મુખ્ય મંદિરોમાં વિશેષ દર્શનો કરાવામાં આવે છે. માંડવીમાં આવેલ શ્રી સ્વામિનારાયણ મંદિરને આ હિંડોળાના ઉપલક્ષમાં સંપૂર્ણ સુવર્ણ શણગાર સજીત કરવામાં આવ્યું છે. નિજ મંદિરમાં આજે ચાંદીવાસણ, ચલણી નોટો, અને સુકા મેવાના હિંડોળા બનાવવામાં આવેલ. અને તે દરરોજ બદલાશે અને નવા થશે. તે માટે લોકો પોતાની સેવા આપી રહ્યા છે.

તેમજ મંદિરના ચોકમાં આવેલ વિશાળ સહજાનંદ સભા મંડપમાં, મોતી, કચ્છી ભરત આંભલાં, ઝરી, સેફ્ટીપીન, ટાંચણી, મોર પીંછ, વિગેરેમાંથી બનાવેલ ૧૨હિંડોળા સાથે શ્રી સ્વામિનારાયણ ભગવાનની કચ્છ વિચરણની કંથકોટ, ભુજ, માંડવી, ધુફઈ વિગેરે પ્રસંગોની ઝાંખી કરાવતું ભવ્ય કચ્છ પ્રદર્શન ગોઠવામાં આવ્યું છે.

સિંહના મોઢામાં પ્રવેશી, ૬૦ ફુટ લાંબી ગુફામાં બદ્રીકાશ્રમ, અમરનાથ અને મુચકુન્દ મોક્ષનાં મુકાયેલા દશ્યો ખરેખર ગુફાની અનુભૂતી કરાવે છે. સામે છેડે આવેલ તપોવનમાં ઋષી મુનિઓની પર્ણકુટીર, યજ્ઞશાળા, ગૌશાળા ઉભી કરવામાં આવી છે. શંકરનું નિવાસ કૈલાસ પર્વત અને માનસરોવરની રજૂ થયેલ આબેહૂબ પ્રતિકૃતિ તેની યાત્રાનો અહેસાસ કરાવે છે. બાજુમાં આવેલ સુખી કુટુંબ – દુઃખી કુટુંબનું તાદશ દશ્ય જીવનમાં ગહન પ્રેરણાદાયી સંદેશો આપે છે. તેમજ દશ્ય માધ્યમથી જીવનમાં ધ્યાને લેવા જેવા પ્રસંગો રજૂ કરવામાં આવ્યા છે. વૃક્ષસંદેશ વિભાગમાં વૃક્ષ આપણા માટે જીવે છે તો આપણે થોડો વૃક્ષ માટે સમય આપીએ તેવા સંદેશા સાથે જીવન ઉપયોગી વૃક્ષો અપાય છે. તો બાજુમાં મંદિરે આવતાં બાળકો માટે અનેક પ્રકારનાં સાધનો સજ્જ સદાય ઉપયોગી બાલનગરી બનાવવામાં આવી છે.

ખૂબ ઉત્સાહ, સર્વેના સાથ અને અનેરી મહેનતથી સર્જન પામેલ આ કાર્યના ઉદ્‌ઘાટન માટે તેમજ સંતો ભક્તો સર્વેનો ઉત્સાહ તથા ભક્તિ વધારવા ભુજથી પૂજ્ય મહંત પુરાણી સ્વામી

ધર્મનંદનદાસજી સ્વામી સાથે કોઠારી સ્વામી ભગવદ્જીવનદાસજી સહિત ૫૫ સંતો તથા અંજાર રાપર વિગેરે સ્થાનોથી અનેક સંતો પધાર્યા હતા. ભુજથી પૂજ્ય મહંત સ્વામી સાથે માંડવી મંદિરના મહંત પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી તથા વડીલ સંતોમાં સ.ગુ. સ્વામી મુકુન્દજીવનદાસજી, પુરાણી સ્વામી હરિબળદાસજી સહિત દરેક વિભાગના યજમાનો સાથે રહી આ ભવ્ય કાર્યક્રમનું ઉદ્ઘાટન કરેલું. માંડવી મંદિરના મહંત સ્વામી સહિત વડીલ સંતોના આશીર્વાદ અને કોઠારી સ્વામીના માર્ગદર્શન પ્રમાણે રામપ્રિયદાસજી સ્વામી અને સુવ્રતમુનિદાસજી સ્વામી આદિ સંતોના નિર્દેશ પ્રમાણે સમગ્ર માંડવી વિસ્તારના યુવાનોની મહેનતથી સર્જન પામેલ સંકુલો જોઈ ભુજથી પધારેલ મહંત સ્વામી સહિત સર્વે સંતો ખૂબ રાજી થઈ અંતરના આશીર્વાદ પાઠવેલા. તેમજ ઉદ્ઘાટન પૂર્વે યોજાયેલ સભામાં સર્વે વિભાગના સેવાભાવીઓને સન્માન સાથે પૂજ્ય મહંત સ્વામીના વરદ્ હસ્તે નવાજવામાં આવ્યા હતા.

હૃદયના ભાવ સાથે ખંત ચીવટ અને ઉમંગથી ખૂબ સેવા કરતા સમગ્ર માંડવી વિસ્તારના કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનોની મહેનતનું મોટું યોગદાન છે. તો મંદિર, સંતો, સત્સંગને પોતાના ઘર જેટલું વહાલું માનતા માંડવી તેમજ દેશ વિદેશમાં વસતા ઉદારદિલના દાતાઓની પણ મોટી સેવા છે.

તા. ૨૨-૭-૨૦૧૪ અષાઢ સુદ-૧૧ મંગળવારના માંડવી મધ્યે ભવ્ય હિંડોળા ઉદ્ઘાટનના દાતાશ્રીઓ:

પ્રદર્શન :- પ્રેરણા મહંત સ્વામી તથા ઉપમહંત સાં.યો. કાનબાઈ તથા બેન મેઘબાઈ હાલે નૈરોબી પ.ભ. રવજીભાઈ ખીમજી સુરજાણી ધ.પ. મંજુલાબેન સુત હર્ષિલભાઈ સહપરિવાર

મુખ્ય મંદિર :- નાગલપર ગં.સ્વ. રામબાઈ રવજી હાલાઈ, અરજણભાઈ રવજી હાલાઈ તથા નાગલપર હાલે નૈરોબી રામજીભાઈ રવજી હાલાઈ તથા લક્ષ્મણભાઈ લાલજી વરસાણી સહપરિવાર

ઘનશ્યામ મહારાજ :- માંડવી મંદિરના સમસ્ત સાં.યો. બહેનો હસ્તે મહંત સાં.યો. રતનબેન, ઉપમહંત સાં.યો. કાનબાઈ મોટા મેઘબાઈ, અમરબાઈ

વૃન્દાવનવિહારી હરિકૃષ્ણ મહારાજ :- નાગલપર પ.ભ. લક્ષ્મણભાઈ લાલજી વરસાણી તથા માંડવી હરજીભાઈ ગાંગજી વેકરીયા (સોની) સહપરિવાર

સુખશય્યા :- માંડવી હાલે લંડન સુરેશભાઈ શીવજી રાબડીયા સહપરિવાર

પ્રસાદી મંદિર :- માંડવી અ.નિ. ભાણબાઈ નાનજી રત્ના રાબડીયા હસ્તે નાનજીભાઈ સહપરિવાર • નારણપર હાલે સીડની ઓસ્ટ્રેલીયા સ.ગુ. સ્વામી હરિજીવનદાસજીની પુણ્યસ્મૃતિમાં દીપકભાઈ પ્રેમજી દેવજી વેકરીયા સહપરિવાર • બળદીયા હાલે નૈરોબી વાલજીભાઈ કરસન હીરાણી ધ.પ. વાલબાઈ સહપરિવાર • માંડવી મેઘજીભાઈ ખીમજી જાદવા છભાડીયા સહપરિવાર • દહીંસરા હાલે બોલ્ટન શીવજીભાઈ કેશરા હાલાઈ ધ.પ. માનબાઈ, સુત પ્રકાશભાઈ આદિ પરિવાર • માંડવી રામભાઈ મથરાદાસ કપ્ટા ધ.પ. વિણાબેન સુપુત્ર કુણાલ સહપરિવાર • પિયાવા અ.નિ. લાલજીભાઈ કેશરા વેકરીયા ગં.સ્વ.ધ.પ. રતનબાઈ હસ્તે કરશનભાઈ લાલજી વેકરીયા સુપુત્ર વિશ્રામભાઈ તથા અરવિંદભાઈ સહપરિવાર • પિયાવા નાગલપર કરશન નારણ છભાડીયા ધ.પ. વિરબાઈ સહપરિવાર • પિયાવા લાલજીભાઈ મનજી ગાજપરીયા તથા ભુપેન્દ્રભાઈ માવજી ઠક્કર • માધાપર હાલે ઓસ્ટ્રેલિયા વિશ્રામભાઈ લાલજી પિંડોરીયા સહપરિવાર • પિયાવા ભીમજીભાઈ મનજી ગાજપરીયા સહપરિવાર આદિ ભક્તોએ સેવાનો લાભ લીધો હતો.

# માંડવીમાં યોજાઈ સૌપ્રથમ વખત ભવ્ય રથયાત્રા

ગગન ગજે તાં મોર બોલે, મથે ચમકેતી વીજ.
નેરો અસાંજો કચ્છડો આવઈં અષાઢી બીજ

શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવીમાં અષાઢ સુદ બીજના દિવસે ઠાકોરજી આગળ શણગારેલ ઘોડા યુક્ત સુદર રથમાં શ્રી હરિકૃષ્ણ મહારાજને પધરાવીને આરતી કરવામાં આવી હતી એમના દર્શનનો સાંજ સુધી માંડવી શહેર તથા ચારેય કાંધાના માંડવી વિસ્તારના હરિભક્તોએ લાહાવો લીધો હતો.

તેમજ આજના દિવસે સૌપ્રથમ વખત ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. મંડળના વડીલ પુ. પુરાણી સ્વામી હરિબળદાસજી તથા કોઠારી સ્વામી પુ. પુરાણી શ્રીપ્રકાશદાસજીના માર્ગદર્શન હેઠળ સમગ્ર ઉત્સવની તૈયારીઓ કરવામાં આવી હતી. સુંદર શણગારેલા રથમાં ભગવાન શ્રીજગન્નાથજી, સુભદ્રાજી,બળદેવજી તથા શ્રીનીલકંઠવર્ણી ભગવાન વિરાજમાન થયા હતા. બીજા રથમાં શ્રીસ્વામિનારાયણ ભગવાનની સુંદર ચાંદીની પાલખી અને ઘોડાઓ, ઊંટ, આદિ વાહનો શણગારવામાં આવ્યા હતા.આ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ, અંજાર અને શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ રાપરથી સંતો પધાર્યા હતા. સૌપ્રથમ માંડવી પ્રસાદી મંદિરેથી વેદોક્ત વિધિથી સંતોએ પૂજન કર્યું. ત્યારબાદ આ રથયાત્રાનું પ્રસ્થાન કરવામાં આવ્યું. શ્રી ઠાકોરજીના રથની આગળ વેદઘોષ કરતા બ્રાહ્મણોનું વાહન રાખવામાં આવ્યું હતું.અને રથની પાછળ સુંદર શણગારેલા કળશ સાથે બહેનો રથયાત્રામાં જોડાયાં હતાં. આ રથયાત્રામાં માંડવીના પિયાવા, નાગલપુર, મસ્કા, જખણીયા, કોડાઈ,ભારાપર, ગોધરા, શીરવા, ડોણ, રા. વાડી, નિલકંઠ મહાદેવ, આદિ ૧૧ વાડીવિસ્તારમાં ચાલતા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવકમંડળના સર્વે યુવાનો, શ્રી ઘનશ્યામ બાળમંડળના બાળકો તથા વડીલ હરિભક્તો ૧૧ મંડળીના રૂપમાં જોડાયા હતા. તથા માંડવી શહેરના અલગ અલગ વિસ્તારના યુવાનો, તથા બાળમંડળના બાળકો અને વડીલ હરિભક્તો પણ જોડાયા હતા. અને ભુજમંદિર સંચાલિત શૈક્ષણિક સંસ્થા શ્રી સંસ્કારધામ માંડવીના સર્વે વિદ્યાર્થીઓ બાળકો પણ આ રથયાત્રામાં જોડાયા હતા. અને માંડવીની અન્ય ધાર્મિક સંસ્થાઓએ પણ ભાગ લીધો હતો. બેન્ડપાર્ટી અને અલગ અલગ વિસ્તારની ભજનમંડળી દ્વારા સમગ્ર વાતાવરણ સંગીતમય અને ભક્તિમય બની ગયું હતું, આ રથયાત્રામાં કેરીનો મધુર રસ તથા ઠંડા પાણીની વ્યવસ્થા રાખવામાં આવી હતી. રથને હરિભક્તો દ્વારા અને બહેનો દ્વારા સ્વહસ્તે ખેંચવામાં આવ્યો હતો. જય જય જગન્નાથના પડછંદ નારાઓ સાથે આ રથયાત્રા શહેરના વિવિધ વિભાગોમાં ફરીને ફરીને પરત નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવીમાં શ્રી સહજાનંદ સભામંડપમાં વિરામ પામી હતીં. ત્યારબાદ સાં.યો. બહેનોએ પૂજન કર્યું. અને શ્રી સહજાનંદ સભામંડપમાં શા.સ્વામી અક્ષરપ્રકાશદાસજીએ આપણા દરેક ધાર્મિક તહેવારોનું, તથા પ્રસંગને અનુરૂપ રથયાત્રાનું પણ મહત્ત્વ સમજાવ્યું હતું તથા માંડવી મંદિરના વડીલ સ્વામી મુકુન્દજીવનદાસજીએ, તથા મહંત પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીએ રથયાત્રામાં જોડાએલા તમામ હરિભક્તોને આશિર્વાદ આપ્યા હતા. અને પ.ભ. અરજણભાઇ રવજી હાલાઇ ( પિયાવા ) રામજીભાઈ શામજી કેરાઇ, કલ્યાણભાઈ કુંવરજી રાબડીયા, પ્રેમજીભાઈ લક્ષ્મણ હાલાઇ ( ગોધરા ) આ સમગ્ર ઉત્સવના યજમાન પદે રહ્યા હતા.

ગુરૂપૂર્ણિમા :–

ગુરૂદેવના આપણા જીવનમાં ઘણાજ ઉપકારો છે. જેનું ઋણ આપણે આપણું જીવન

સમર્પણ કરીએ તોય ચુકવી શક્તા નથી. એવા સાચા સદગુરૂનું પૂજન કરીને આપણે ધન્યતાનો અનુભવ કરીએ છીંએ.એવા સદ્‌ગુરૂના પૂજનનો દિવસ એટલે ગુરૂપૂર્ણિમા જેને વ્યાસપૂર્ણિમા પણ કહેવાય છે.

અત્રે માંડવી મધ્યે ગુરુપૂર્ણિમાના પાવન અવસરે ઠાકોરજી આગળ ગુરુના પણ ગુરુ એવા આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણનું જનમંગલ નામાવલી વડે પૂજન કરવામાં આવ્યું અને ભવસંભવ ભીતિભેદનમ્ સ્તોત્ર વડે પ્રાર્થના કરી. ત્યારબાદ સભામંડપમાં સમુહ મહાપૂજાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હરિભક્તોએ મહાપૂજા કરીને પોતાના જીવનને ધન્ય બનાવ્યું હતું બહેનોના મંદિરમાં પણ સાં.યો. બહેનોએ મહાપૂજાનો લાભ લીધો. અને ભાઈઓના મંદિરમાં પુરાણી સ્વામી દેવવિહારીદાસજી તથા પુરાણી સ્વામી રામાનુજદાસજીએ મહાપૂજા કરાવી હતી. અને આપણા સૌના ગુરુ એવા ભગવાન શ્રી સ્વામિનારાયણ આપણા જીવનમાં ક્યારેય ભુલાઈ ન જાય. સદાય સુખ – શાન્તિ રહે. અને જીવનની વિકટ પરિસ્થિતિઓમાં ભગવાન આપણને સાચા માર્ગ પર ચાલવાની શક્તિ અને સમજણ આપે. એવા સદ્‌ગુરૂ મુકુન્દજીવનદાસજી અને માંડવી મંદિરના મહંત સદ્. પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીએ આશીર્વાદ આપ્યા હતા.

અહેવાલઃ– સાધુ વિવેકમુનિદાસજી

## થાણાને આંગણે ભવ્ય હિંડોળા સાથે પ્રદર્શન

ભુજ શ્રી સ્વામિનારાયણ સંચાલિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવન – થાણામાં ભુજ મંદિરના મહંત સ.ગુ.પુ.સ્વામી ધર્મનંદનદાસજીની શુભ આજ્ઞા તથા સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજીના આશીર્વાદથી સંતો, અંજાર નાગલપર વાડી વિસ્તારના ૧૦ હરિભક્તો, સાંખ્યયોગી બહેનો અને ગૃહસ્થ બહેનોના સાથ સહકારથી વિશાળ આઠ ખંડમાં ભવ્ય પ્રદર્શન તૈયાર કરવામાં આવ્યું છે.

ખંડ ૧. મુક્તિનાથ (પુલહાશ્રમ) દર્શન :– નાના–મોટાં ૧૬ શીખરોથી સુશોભિત ભવ્ય મુક્તિનાથ (પર્વત).

ખંડ ૨. ઘનઘોર ગુફા :– ૫૫ ફૂંટ લાંબી આ ગુફામાં પ્રવેશ કરતાં જ જાણે કે આપણે જંગલમાં ફરતાં–ફરતાં ભૂલથી કોઈ મહાભયંકર હિંસક પ્રાણીઓથી ઘેરાયેલી દુર્ગમ ગુફામાં પ્રવેશ કરી ગયા હોઈએ ને શું.. !!! એવો ડર લાગે છે. ઘોર અંધારું, જંગલી જનાવરો, હિંસક પ્રાણીઓની ભયંકર ગર્જનાઓ, ભૂતો, સર્પો, વગેરે અનેક ડરામણાં દૃશ્યો આ ગુફામાં દર્શાવવામાં આવ્યા છે.

ખંડ ૩. ગરુડારૂઢ ભગવાન શ્રી વિષ્ણુ :– આ ખંડમાં ગરુડ પર બિરાજમાન ભગવાન શ્રી વિષ્ણુ દર્શન આપી રહ્યા છે.

ખંડ – ૪. દાદાખાચરનો દરબાર :– ઊંચા સિંહાસન પર ભગવાન શ્રી સ્વામિનારાયણ બિરાજમાન છે. અડખે – પડખે બ્રહ્મચારીઓ ચામર ઢોળી રહ્યા છે. તેમની સમક્ષ સંતો–ભક્તોની વિશાળ સભા ભરાયેલી છે.

ખંડ ૫. દ્વાદશ જ્યોતિર્લિંગ દર્શન :– ૩૦X૨૦ ફૂટના વિસ્તારમાં દ્વાદસ જ્યોતિર્લિંગની રચના કરવામાં આવી છે. મધ્યમાં ૧૦ ફૂટની ઊંચાઈના વિશાળ શિવલિંગમાં ચાર ફૂટની શંકર ભગવાની મૂર્તિ પધરાવવામાં આવી છે.

ખંડ ૬. ૧૨ કલાત્મક હિંડોળા :– ૧. શંખલા, ૨.સુતરણી, ૩.સાબુદાણા, ૪. કાબુલી ચણા, ૫. સેફ્ટિપીન, ૬. ડાયમંડ, ૭. મોતી, ૮. કચિકા, ૯. લેશ, ૧૦. કઠોળ, ૧૧. કાંચના કટકા, ૧૨. મસાલા – આમ વિવિધ વસ્તુઓના કલાત્મક ૧૨ હિંડોળા કરાવામાં આવ્યા છે.

ખંડ ૭. વૃન્દાવન દર્શન :– આ ખંડમાં ગોવર્ધન પર્વત, નાનાં–મોટાં ઝાડવાઓ, લતાઓ,

પથ્થરાઓ, ગાયો વગેરે મુકવામાં આવ્યા છે. એક બાજુ બ્રાહ્મણો યજ્ઞ કરી રહ્યા છે જ્યારે બીજી બાજુ બ્રાહ્મણ પત્નીઓ ભગવાન શ્રી કૃષ્ણ અને તેમના બાળમિત્રોને ભોજન કરાવી રહી છે.

ખંડ ૮. લોજલીલા દર્શન :– ૨૦x૧૦ ફૂટના વિસ્તારમાં મોડલીંગ સાઈઝમાં લોજ ગામની રચના કરવામાં આવી છે.

સાચી ચલણી નોટોનો હિંડોળો :– સાચી ચલણી નોટોમાંથી કૂંડું , કૂંડામાંથી નિકળતી વેલ, વેલમાં પાંદડાઓ તથા ફૂલો વગેરે આકારોથી યુક્ત અતિશય આકર્ષક એવો હિંડોળો બનાવ્યો છે.

૧૫ ફૂટ ઊંચો હિંડોળો :– એક ખંડમાં ૧૫ ફૂટની ઊંચાઈનો એક અતિ વિશાળ રંગબેરંગી ઝરીથી સરસ મઝાની ડિઝાઈનવાળો હિંડોળો તૈયાર કરવામાં આવ્યો છે.

આ રીતે અદ્‌ભુત અને ભવ્યાતિ ભવ્ય પ્રદર્શન કેવળ ૧૧ દિવસમાં તૈયાર કરી ૨૦–૭–૨૦૧૪, રવિવારના રાત્રે ૧૦:૦૦ વાગ્યે સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી તથા યજમાનશ્રીઓના વરદ્‌હસ્તે ઉદ્‌ઘાટન કરીને સત્સંગ સમક્ષ ખુલ્લું મુકવામાં આવ્યું છે. દરરોજ ૪૦૦ થી ૫૦૦ સત્સંગીઓ દર્શનાર્થે આવે છે, તેમાં પણ શનિવારે અને રવિવારે ભક્તોની ભીડ વધારે જોવા મળે છે.

આ પ્રદર્શન તા. ૧૨–૮–૨૦૧૪, મંગળવાર સુધી રહેશે. દરરોઝ દર્શનનો સમય :– સાંજે ૪:૦૦ થી રાત્રે ૯:૩૦ વાગ્યા સુધી. રવિવારે :– સવારે ૯:૦૦થી બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધી અને સાંજે ૪:૦૦ થી રાત્રે ૯:૩૦ વાગ્યા સુધી.

પ્રદર્શન સ્થળ :– શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવન, અરૂણકુમાર વૈદ્ય ચોક, પાંચ પખાડી, પ્રશાંત સ્વીટ કોર્નરની બાજુમાં, થાણા (વેસ્ટ) – મુંબઈ, ફો. ૦૨૨૨–૫૩૩૩૨૬૯

અહેવાલ :– નારણ કરશન આરેઠીયા

## શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજ સુવર્ણજયંતી - ૨૦૧૪

શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજને ૫૦ વર્ષ પૂર્ણ થતાં સુવર્ણ જયંતી મહોત્સવની ઉજવણીનો પ્રારંભ ભુજ મંદિરના પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ. પુરાણી સ્વામી શ્રી ધર્મનંદનદાસજીના આશીર્વાદ અને અનુમતિથી થઈ ચૂક્યો છે. ૨૦૧૪ના વર્ષ દરમ્યાન વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા ઉજવણી કરવામાં આવી રહી છે.

શ્રી સ્વામિનારાયણ વિદ્યાલ, ભુજમાં અભ્યાસ કરી ગયેલા દેશ-વિદેશમાં વસતા તમામ વિદ્યાર્થીઓ આ ઉત્સવમાં ભાગ લે તેવી વડીલ સંતોની અપીલના અનુસંધાને નિવેદન કે દેશ-વિદેશના તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પોતાની માહિતી વહેલી તકે નીચેના સરનામે પહોંચાડે, જેથી તેમનો સંપર્ક શક્ય બને અને આમંત્રિત કરી શકાય.

**માહિતીની વિગત :-**

નામ, શૈક્ષણિક લાયકાત, પોસ્ટલ એડ્રેસ, ઈ-મેઈલ, ફોન નંબર, મોબાઈલ નંબર, વ્યવસાય, વતનના ગામનું નામ વગેરે માહિતી આપવી.

**માહિતી મોકલવાનું સરનામું :-**

E-mail : ssvbhuj@yahoo.com

શ્રીસ્વામિનારાયણ વિદ્યાલય, સંસ્કાર નગર, ભુજ-કચ્છ.

# વિદેશ સમાચાર



## શ્રી સ્વામિનારાયણ મંદિર ધર્મ ભક્તિ મેનર (સ્ટેનમોર)

રવિવાર તા. ૨૯-૭-૧૪ના પ્રથમ વાર હેરો વિસ્તારમાં ઉજવાયેલ રથ યાત્રા ઉત્સવની ભવ્ય યાત્રા. યુ.કે.ના અન્ય વિસ્તારોમાંથી આવેલ ભક્તોએ ખૂબ જ ઉત્સાહ તથા આનંદની સાથે જોડાઈ અને આ રથ ખેંચવાની સેવામાં જોડાયા હતા, જેમાં ભગવાન શ્રી જગન્નનાથ, શ્રી બલભદ્ર તથા સુભદ્રા દેવીને બિરાજવામાં આવ્યા હતા.

આ શુભ યાત્રાની શરૂઆત બપોરના ૧૨:૩૦ વાગ્યે ભુજ મંદિરના બ્રહ્મનિષ્ઠ સંતો તથા આમંત્રિત દ્વારા પ્રાર્થના કરી આરતી ઉતારી અને કવીન્સબારી પાર્કથી કરવામાં આવેલ. મહેમાનોમાં, લંડન બોરો હેરોના આદરણીય મેયર કા.અજય મારુ, પૂર્વ હેરોના સંસદ સભ્ય બોબ બ્લેકમેન. કા.વીના મીયાની, કા.મનજી કારા, કા. રામચંદાની, કા.નોર્મન સ્ટીવનસન, કા.પ્રીભેશ પટેલ, કા.બેરી કેન્ડલર, કા.કાઈરૂ કરીમા મારીકર, પૂર્વ હેરોના લેબર ઉમેદવાર સંસદ સભ્ય ઉમા કુમારન તથા રેડીયો ૧૪૫૮ના પ્રેઝન્ટર રવિ શર્મા વગેરે જોડાયા હતા.

એક રથ પુરુષો માટે એક રથ બહેનો માટે તથા એક નાનો રથ બાળકો માટે આમ ત્રણ રથ હતા. આ ત્રણે રથો ભક્તોની ઉત્સાહ એકતા તથા મહાન શક્તિ દર્શાવતાં મંદિર સુધી ભગવાનના મહામંત્રના ઉચ્ચારની સાથે નાચતાં ગાતાં ત્રણે રથો હાથેથી જ ખેંચવામાં આવેલ. આ રથયાત્રા લગભગ ૪ વાગ્યે શ્રી સ્વામિનારાયણ મંદિર (સ્ટેનમોર) પહોંચતા બીજા મહેમાનો કા.મેરિલીન એશ્ટન કા. માઈકલ બોરીઓ તથા કા.ફિલિપ ઓ ડેલ  સાથે જોડાયા હતા અને આપણી ભુજ માતૃ સંસ્થાના સ્વામી વિશ્વવલ્લભદાસજીના આશીર્વાદ આપતા વચનોથી આ ઉત્સવનો મહિમા તથા ભક્તોનો ઉત્સાહ જોઈ ખૂબજ રાજીપો દર્શાવી પૂજન તથા મહાઆરતી ઉતારવમાં આવી હતી. જેમાં હજારો ભક્તો જોડાયા હતા. મંદિરના પ્રમુખ ખીમજીભાઈ ખેતાણીએ પણ હરિભક્તોનો તથા અન્ય સંસ્થાઓથી આવી અને સાથે જોડાયા અને આ ઉત્સવ શોભાડ્યો તેમને પણ બિરદાવ્યા હતા.

આ તહેવારના આયોજક યુવકોએ ૧૫૦ થી વધારે સ્વયંસેવકોની મદદ અને મહેનતને બિરદાવતા કહ્યું કે આ શોભાયાત્રા એમના સાથ અને સહકારથી ખૂબ જ સફળતાને  પામી છે. જેઓ એ આ ઉત્સવમાં જે કાઈ નાની મોટી સેવા કરી હોય તેમનો સ્ટેનમોર મંદિર તરફથી ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો. યુવતી મંડળના સભ્યો પણ એમનો અંગત અભિપ્રાય આપતાં જણાવ્યું હતું કે વાજીંત્ર સાથે જે મહામંત્રનું નાચગાન તે તો અવર્ણનીય હતું. નાના બાળકોએ એમનો નાનો રથ કવિન્શબરી પાર્કથી મંદિર સુધી ખેચી અને આનંદ માણ્યો હતો તથા આપણા સનાતન ધર્મમાં આવતા તહેવારોની સમજણ જાણ કરાવે છે. બધાજ ભક્તજનોને  મહાપ્રસાદરૂપી ભોજન આપવામાં આવેલ.

અહેવાલ :- ઉ.મંત્રી  જાદવજી હિરાણી

# શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર – બોલ્ટન

દર વર્ષની જેમ આ વર્ષે પણ આપણા બોલ્ટન મંદિરમાં શનિવાર તા. ૧૨–૭–૨૦૧૪ના શુભ દિવસે સાંજે કથા ઉઠ્યા બાદ, જાહેર સભા બોલાવવામાં આવેલ, તેમાં સૌ હરિભક્તો ભાઈઓ તથા બહેનોની હાજરી આપવામાં આવેલ.

સૌ પ્રથમ મંદિરના પ્રમુખશ્રી મનજીભાઈ હાલાઈએ ગત વર્ષના જે કાંઈ મંદિરના અહેવાલ હતા તે કહ્યા હતા. ત્યારબાદ મંદિરના મંત્રીશ્રી વાલજીભાઈ હાલાઈએ પણ અહેવાલ રજૂ કરેલ. ત્યારબાદ મંદિરના ખજાનચી પ્રવિણભાઈ પિંડોરીયા એ ગત વર્ષના હિસાબ તેમજ મંદિરના એકાઉન્ટ વાંચી સંભળાવામાં આવ્યા હતા, અને સર્વાનુમતે તે પાસ કરવામાં આવેલ.

ત્યારબાદ નવા વર્ષની કાર્યવાહક કમિટીની વરણી કરવામાં આવેલ તે આ પ્રમાણે છે.

પ્રમુખશ્રી મનજીભાઈ ગાંગજી હાલાઈ – કુંદનપુર, ઉપપ્રમુખશ્રી પ્રકાશભાઈ શીવજી હાલાઈ – દહીંસરા, મંત્રીશ્રી વાલજીભાઈ ગાંગજી હાલાઈ – કુંદનપુર, ઉપમંત્રીશ્રી પ્રવિણભાઈ સામજી વરસાણી – માધાપર, ખજાનચી પ્રવિણભાઈ માવજી પિંડોરીયા – દહીંસરા, ઉપખજાનચી કરસનભાઈ નાનજી હાલારીયા – કેરા, કમિટી મેમ્બરો – મનજીભાઈ કુંવરજી રાઘવાણી – બળદીયા, ખીમજીભાઈ વિશ્રામ પિંડોરીયા – માધાપર, કરસનભાઈ રામજી કાબરીયા – ગોડપર, ખીમજીભાઈ ગોવિંદભાઈ વરસાણી – ભારાસર, નારણભાઈ સામજી હાલાઈ – દહીંસરા.

અહેવાલ :– પ્રમુખશ્રી મનજીભાઈ ગાંગજી હાલાઈ, મંત્રીશ્રી વાલજીભાઈ ગાંગજી હાલાઈ

## શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર,
## નાઈરોબી – નૂતન મંદિર – કચ્છ પ્રાંત લંગાટા

શ્રી ક. સ. સ્વામિનારાયણ મંદિર, નાઈરોબી નૂતન મંદિરનું કાર્ય જોશભેર ચાલી રહ્યું છે. સાથે સાથે હરિભક્તોને રહેવા માટેના મકાનો, શાળાનું મકાન વિગેરે કાર્યો પણ સારી રીતે ચાલે છે. નૂતન મંદિરને ચારે બાજુથી બંસી પહાડના પથ્થરથી મઢવામાં આવશે. બંસી પહાડના શિખરો, ગુંબજો, પરસાળ વિગેરેથી મંદિરને ઓપ આપવામાં આવશે.આ કાર્ય ભુજ સહિત રાજસ્થાનમાં પણ બંસી પહાડના પત્થરમાં નકશી કામ ચાલુ છે. ઠાકોરજીની મૂર્તિ મકરાણા માર્બલમાં તૈયાર થશે અને સિંહાસન અંબાજીના માર્બલમાં કરવામાં આવશે. આ સમગ્ર કાર્યની દેખરેખ માટે ૩૦ સભ્યોની બાંધકામ સમિતીની રચના કરવામાં આવેલ છે. જે સમયાંતરે સાથે મળી ચર્ચા વિચારણા કરે છે. પણ મુખ્ય બાંધકામ સમિતી દર શુક્રવારે બપોરપછી કામનું અવલોકન કરે છે. અને રાતના ૧૦:૩૦ થી ૧૧:૦૦ વાગ્યા સુધી ચર્ચાઓ કરી મંદિર સારું, સસ્તું અને ઝડપી અને સુવિધાપૂર્ણ બને તેવી ખૂબ જ મહેનત કરી રહ્યા છે. આ કાર્યને વધુ વેગવંતુ બનાવવા માટે અને વધુ ઓપ આપવા માટે ભુજ મંદિરથી ત્રણ સંતો – સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી પરમેશ્વરસ્વરૂપદાસજી અને સ્વામી દિવ્યસ્વરૂપદાસજી જુલાઈ માસમાં પધારેલા હતા. સંતો નિર્માણાધિન મંદિરની મુલાકાત લેતા હતા અને સમિતીને જરૂરી સૂચનાઓ આપી હતી. સમિતી સાથે વિચાર વિર્મશ કરી મંદિરનું કામ સારું થાય તેવા પૂરા પ્રયત્નો સંતોએ કર્યા હતા. અંતરના આશીર્વાદ આપેલ હતા.

**શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ એકેડેમી :**

શ્રી ક. સ. સ્વામિનારાયણ મંદિર, નાઈરોબી મધ્યે ઈ.સ. ૧૯૫૮ની સાલમાં બાલ મંદિરની સ્થાપના થયેલ હતી. બધા હરિભક્તો ભાઈઓ તથા બહેનો આ શાળામાં શિક્ષણ મેળવી, પાપા–પગલી માંડી આગળ ઉચ્ચ અભ્યાસ કરી પોતાની કારકિર્દી તૈયાર કરેલ છે. વર્ષોથી સ્કૂલ સારી રીતે ચાલે છે અને જે કંઈ ખર્ચનો વધારો આવે ત્યારે ખર્ચ મંદિર ઉઠાવે છે. હવે જ્યારે કચ્છપ્રાંત લંગાટા વિસ્તારમાં નૂતન મંદિરની તૈયારી ચાલે છે ત્યારે ઘણા હરિભક્તોની માંગણીને ધ્યાનમાં રાખી મંદિરના પરિસરમાં પાંચ માળનું મકાન બનાવી અને સ્કૂલની શરૂઆત કરવાની છે. સ્કૂલનું બાંધકામ પૂર્ણતાની આરે છે. આ સ્કૂલનું નામ પણ "શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ એકેડેમી" રાખવામાં આવેલ છે. આ શાળા આગામી નવમા મહિનાથી શરૂ થાશે. બાલમંદિર, પ્રાથમિક શાળાના ધોરણ ૧ અને ૨થી શાળાની શરૂઆત કરવામાં આવશે. ૮૦ જેટલા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓએ પ્રવેશ મેળવી ચુક્યા છે. દર વર્ષે જરૂરિયાત મુજબ એક અથવા બે ધોરણનો વધારો કરતાં–કરતાં ઉચ્ચ માધ્યમિક શાળા સુધી શિક્ષણ આપવામાં આવશે. આ શાળાનો વહિવટ સંપૂર્ણપણે મંદિરને હસ્તક રહેશે પણ સંચાલન કરવા માટે ૧૫ જેટલા સભ્યોની શાળા સમિતીની રચના કરવામાં આવેલ છે. સૌ હરિભક્તોનો સાથ સહકારથી શાળા સારી રીતે પ્રગતિ કરશે તેવી સૌને આશા છે. મહંત સ્વામી તેમજ આચાર્ય મહારાજશ્રી પણ આ વાતથી આનંદિત છે કે આપણા સત્સંગીઓના બાળકોને માટે સંસ્કારમય શિક્ષણ મળે તેવી સુવિધા મંદિર પુરી પાડવા પ્રયત્ન કરે છે અને આ માટે તેઓશ્રીએ શાળા સમિતીને આશીર્વાદ આપ્યા છે.

અહેવાલ :– મંત્રીશ્રી, નારણભાઈ ગોરસીયા

## ઠાકરથાળી – શ્રી સ્વામિનારાયણ મંદિર ઓલ્ડહામ

શનિવાર તા. ૧૨–૭–૧૪ના રોજે ગુરુપૂર્ણિમાનાં દિવસે ગામ બળદીયાના પરેશ વીરજી ગરારા તરફથી ઓલ્ડહામ સ્વામિનારાયણ મંદિરમાં ઠાકરથાળી ઉત્સવ રાખેલ આરતી બાદ રાસોત્સવ પણ કરેલ. સર્વે હરિભક્તોએ ખુબ જ આનંદ માણ્યો હતો.

અહેવાલ :– નારણભાઈ કારા, ઓલ્ડહામ

## વિદેશ સત્સંગ પ્રવાસ

ભુજ મંદિરના પ્રાત:સ્મરણીય મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞાથી પ્રેરાઈ તેમનાં આશીર્વાદ મેળવી ભુજ મંદિરના સંતો સ.ગુ. સ્વામી ભક્તિપ્રિયદાસજી, સ્વામી દેવસ્વરૂપદાસજી, સ્વામી કૃષ્ણવિહારીદાસજી, સ્વામી શ્રીરંગદાસજી, સ્વામી હરિસ્વરૂપદાસજી, ઘનશ્યામનંદન સ્વામી આદિ સંતો ધર્મના પ્રચાર, પ્રસાર, સત્સંગ, સંસ્કાર સિંચન અને કથાવાર્તાઓ દ્વારા ભક્તિમાં દૃઢતા લાવવા આફ્રિકામાં કેન્યા, નાઈરોબી, મોમ્બાસા, શિસલ્સ, કંપાલા અને ટ્રાન્ઝાનિયા વગેરે સ્થળોએ સત્સંગ પ્રવાસાર્થે વિદેશ કેન્યાના પ્રવાલે તા. ૨૪ના સવારે ભુજ મંદિરથી વિદાય લીધી હતી.

:: બાળ ગણપતિ ::

બાળમિત્રો ! જય સ્વામિનારાયણ,, ભાદરવા સુદ ચોથના દિવસ કોનો ઉત્સવ ઉજવવામાં આવે છે ? ગણપતિજીનો,, તો ચાલો આજે સાંભળીયે ગણપતિજીની કથા.

મોટામાં મોટા દેવ મહાદેવ. મહાદેવનાં પત્નિ પાર્વતી અને પુત્ર કાર્તિક આ બધા હિમાલયમાં કૈલાસ નામના શિખર ઉપર વસે.




શા. સ્વામી સંતસ્વરૂપદાસજી

એક દિવસ દેવો અને તારકાસુર વચ્ચે યુદ્ધ થયું. દેવો હારવા લાગ્યા ત્યારે મહાદેવે પુત્ર કાર્તિકને દેવોની મદદમાં મોકલ્યા. કાર્તિક દેવોના સેનાપતિ થયા. મહાદેવ પોતે ધ્યામાં લીન હતા. ધ્યાનમાં બેસે પછી કાંઇ નક્કી ન હોય ક્યારે જાગશે.

આ બાજુ પાર્વતી પડ્યાં એકલાં. સૂનું સૂનું લાગવા માડ્યું. પાર્વતીને મનમાં થયું એક પુત્ર હોય તો સારું. ત્યાં મહાદેવનું વચન યાદ આવ્યું. શંકર ભગવાને વચન આપેલું કે પુત્રની ઇચ્છા થાય તો શરીર ઉપરથી ચંદનનો લેપ ઉતારી
બાળકની મૂર્તિ બનાવજો એમાં મને યાદ કરી મારા મંત્રનો જાપ કરજો એટલે પુત્ર તૈયાર થશે.

પાર્વતીએ એમ જ કર્યું. એક પાત્રમાં શરીરમાંથી ચંદન ઉતારી બાળકની મૂર્તિ બનાવી. પછી શિવજીને યાદ કરી તેના મંત્રનો જાપ કર્યો. થોડા વારમાં એ બાળકની મૂર્તિમાં પ્રાણ આવ્યા અને મંડ્યું રમવા.પુત્રને જોઇ પાર્વતી ખુબ રાજી
થયા. એ હતા આપણા સૌના પ્રથમ પૂજ્ય પ્યારા ગણપતિ.

પુત્ર મોટા થયા. ગણેશ ભારે બળિયા, બુદ્ધિશાળી ને આજ્ઞા પાલક હતા. હંમેશા માતાની આજ્ઞા પ્રમાણે વર્તે. એક દિવસ મા પર્વતી પુત્રને કહ્યું, તમે દરવાજે ઊભા રહો અને કોઇને પણ અંદર આવવા દેશો નહિ. આમ કહી માતા સ્નાન કરવા ગયા. માતાની આજ્ઞા પ્રમાણે હાથમાં અંકુશ લઇ ગણેશ દરવાજે બેઠા.

એવામાં સ્વયં ભગવાન શંકર પધાર્યા. દરવાજામાં ગણેશ ઉભા હતા. શિવ અંદર પ્રવેશ કરે ત્યાંતો ગણેશ તેને અટકાવ્યા. શિવ ગુસ્સે થઇને બોલ્યા તું કોણ મને રોકનાર ? ગણેશ કહ્યું: મારી માતા સ્નાન કરવા બેઠાં છે. અંદર કોઇને પણ આવવાની ના પાડી છે. મારી માતાની આજ્ઞા વિના તમે અંદર દાખલ નહિ થઇ શકો.

શિવનો ગુસ્સો વધી ગયો. હાથમાં ત્રિશૂળ લઇ, વિચાર્યા વિના બાળકનું મસ્તક છેદી નાખ્યું. પુત્રનું મસ્તક જમીન પર પડ્યું ને શિવ અંદર દાખલ થયા. શિવને એકાએક આવેલા જોઇને પાર્વતીએ પૂછ્યું દ્વાર પર ચોકી પહેરો મુક્યો છે ને તમો અંદર કેવી રીતે આવી ગયા ? શિવ તો ભોળા એ કહે હતો એક બોલકો બાળક એણે મને ના પાડી એટલે મેં તેનું માથું ઉતારી નાખ્યું.

પાર્વતી તો રડી પડ્યા અને કહ્યું : એ કોઇ બીજાનો બાળક ન હતો. એ આપણો જ પુત્ર હતો. સ્વામી ! ગમે તેમ કરી મારા પુત્રને સજીવન કરો. પાર્વતીએ હઠ લીધી. શિવનો ગુસ્સો શાંત થયો તેણે તરતજ ગણોને આજ્ઞા કરી જાઓ, ઉત્તર દિશામાં જે કોઇ પહેલું સામે આવે તેનું માથું લઇ આવો. ગણો નિકળ્યા સામેથી ડોલતો આવતો ગજરાજ હાથી મળ્યો. ગણોએ તેનું મસ્તક કાપીને શિવની સામે હાજર કર્યું. શિવે તે મસ્તક બાળકના ધડની ઉપર મૂકયું. બાળક સજીવન થયા. શિવે કહ્યું આજથી આ પુત્રને ગણોના નેતા નીમું છું. આજથી ગણોના ઇશ થયા તેથી ગણેશ અને ગણપતિ કહેવાશે. કહેવાય છે કે ગણેશ ચતુર્થીને દિવસે ગણપતિનો જન્મ થયેલો છે. તેથી એ દિસવ ઉજવવામાં આવે છે.

-: જ્ઞાન સરિતા :-

૧. શ્રી કૃષ્ણ ભગવાનનું નામ કરણ કોણે કર્યું હતું ?
(અ) માર્કન્ડેય મુની (બ) ગર્ગાચાર્ય
(ક) સાંદીપની (ડ)નંદબાબા

૨. ગણપતિજીના પુત્રનું નામ શું છે ?
(અ) જય-વિજય (બ)લાભ-શુભ
(ક) લવ-કુશ (ક) રામ-શ્યામ

૩. રામાનંદ સ્વામીનો જન્મ કયા દિવસે થયો હતો ?
(અ) શ્રાવણ વદ ૭ (બ) શ્રાવણ સુદ ૮
(ક) શ્રાવણ વદ ૮ (ડ) અષાઢ વદ ૧૦

૪. સખી જશોમતી જાયો લાલા, આ કિર્તન કોણે બનાવ્યું છે ?
(અ)પ્રેમાનંદ સ્વામી (બ) દેવાનંદ સ્વામી
(ક) મુક્તાનંદ સ્વામી (ડ) બ્રહ્માનંદ સ્વામી

૫. ભાગવતમાં કયા સ્કંધમાં શ્રીકૃષ્ણના જન્મની કથા આવે છે ?
(અ) ૧૨ (બ) ૧૦ (ક) ૯ (ડ) ૧૧

૬. નીલકંઠ વર્ણીનો લોજની વાવ પર સૌ પ્રથમ કયા સંતની સાથે મેળાપ થયો હતો ?
(અ) મુક્તાનંદ (બ) રામદાસજી
(ક) સુખાનંદ (ડ) શુકાનંદ

૭. ગોકુળ કયા રાજયમાં આવેલું છે ?
(અ) ઉત્તરપ્રદેશ (બ) મધ્યપ્રદેશ
(ક) રાજસ્થાન (ડ) ઉત્તરાખંડ


૮. ભારતનું રાષ્ટ્રીય પ્રાણી કયું છે ?
(અ) વાઘ (બ) સિંહ (૩) ગાય (ડ) મોર

૯. સત્સંગીએ સવારે કયારે જાગવું જોઇએ ?
(અ) ૪, વાગ્યે (બ) ૮, વાગ્યે
(ક) સૂર્યઉગ્યા પહેલા (ડ) સૂર્યઉગ્યા પછી

૧૦. જન્માષ્ટમીના દિવસે શું કરવું જોઇએ ?
(અ) ઉપવાસ (બ) જાગરણ
(ક) મટકીફોડ (ડ) અ,બ,ક,ત્રણે

## -: શબ્દ રચના :-

શ્રી ગણપતિજીના ૧૨ નામ અને શિવજીના ૧૨ જ્યોતિર્લિંગમાંથી નવ જ્યોતિર્લિંગના નામો નીચે આપેલ હ્રસ્વ,દીર્ઘ,કાનામતરઆદિમાં ગોઠવી નામ પૂર્ણ કરો. બુધ્ધી દોડાવો.




## -: ગત જ્ઞાનસરિતાના જવાબો :-

સુભદ્રા,રેવતીજી,ગંગારામ,બ્રહ્માનંદ સ્વામી, ઓરીસા અષાઢ સુદ ૨, ૧૮૩૭, ગુરુનું, ૮, શ્રવણ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સ્વા | તિ | કૃ | રા | દ | સ્વા | ર | શ | પ | રિ | ફ | ધ |
| મી | મા | ણ | ન | ર | કૃ | મિ | જા | હ | યૂ | મ | ર્મ |
| ના | ર | ઘ | ન્યા | ઘ | મિ | શ્યા | મ | પ | ર | ની | ન |
| ય | ષ્ણ | ત | ન | સ | હ | ર | ન | શ્ય | મુ | લ | ઠ |
| ણ | ન | યૂ | ર | શ્યા | લ | ક | ર | ણ | ત | કં | મી |
| મિ | ત | સ્વા | કૃ | ના | મ | સ | ય | ના | રા | ઠ | દ |
| ન્યા | લ | ક | ર | ણ | ક | રા | હ | કૃ | ષ્ણ | સ | દા |
| લ | ની | સ | સ્વા | મી | ના | ઘ | પ | ણ | લ | જા | સ |
| ઘ | લ | હ | રિ | કૃ | ષ્ણ | દ | ન્યા | ની | મ | યૂ | ર |
| પ | ક | જા | દ | સ | ણ | ઠ | મુ | ર | સ | મ | ણ |
| શ્યા | લ | નં | ક | ર | ઘ | ણ | ની | સ | બા | ર | દ |
| સ | મ | દ | રિ | સ્વા | મિ | ના | રા | ય | ણ | ન | યૂ |

## -: નવ-વાકયમાં લખો :-

બજારનું ખાવાથી આપણા તન,મનને શું નુકશાન થાય.

૧.......................................
૨.......................................
૩.......................................
૪.......................................
૫.......................................
૬.......................................
૭.......................................
૮.......................................
૯.......................................

## સરનામું

નામ.......................................
ગામ .......................તાલુકો.......................
ઉંમર............શાળા.......................
ધો.............. મો.ન.......................

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| રકમ | દાતાનું નામ | ગામ | વિગત |
|---|---|---|---|
| ૧૫૩/- | નરેન્દ્રભાઈ રણછોડભાઈ પટેલ | બામણવા | ચિ. પ્રિંયકના સરકારી નોકરી મળતાં શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦/- | કાયસ્થ અ.નિ. નિરંજનાબાઈ | ભુજ | તેમના સ્મરણાર્થે શ્રીજીના ચરણોમાં |
| ૧૦૦/- | કિરણ મનજી વરસાણી | સામત્રા હાલે | લગ્ન નિમિત્તે શ્રી નરનારાયણદેવ લંડન પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | દેવરાજ રામજીભાઈ પિંડોરીયા | ગોધરા કચ્છ હાલે મુંબઈ | ચારધામની યાત્રા સુખરૂપ પૂર્ણ થતાં શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | વિરલબેન નરેશભાઈ પોકાર<br>હ. રામજીભાઈ | દયાપર હાલે<br>ચીંખલી | પુત્ર દીપના જન્મ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦/- | હિતેશભાઈ ઠક્કર | ગાંધીધામ | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૧૧/- | શાંતિલાલ મેઘજી હાલાઈ | નાગલપર માંડવી | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | હીરજીભાઈ રવજીભાઈ શીયાણી | ભક્તિનગર<br>માનકુવા | ચિ. હરીશના શુભ લગ્ન પ્રસંગે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | હેન્સી દેવજી હિરાણી | માધાપર | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૦/- | રાજેશ મુરજી વેકરીયા | સુરજપર | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૦/- | શિલ્પા રાજેશભાઈ વેકરીયા | સુરજપર | શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | શિવમ્ તુષાર વ્યાસ | મેઘપર હાલે ટાંન્ઝનીયા | પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે શ્રી નરનારાયણદેવપ્રસન્નતાર્થે ભેટ |
| ૧૧૦/- | માવજી પરબત ભુડીયા | ફોટડી | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | માનબાઈ પરબત સેંઘાણી | નારણપર ઉ.વા. | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૦/- | રામજી પ્રેમજી દબાસીયા | કોડકી | નવા મકાનના વાસ્તુ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૦૦/- | નાનબાઈ લાલજી ગોરસીયા | માધાપર | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૧/- | દિપેશ કલ્યાણ હીરાણી | બળદીયા | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૫/- | પ્રીતેશ મનજી હીરાણી | બળદીયા | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૧/- | સુરેશ નારણ રાબડીયા | કેરા | આશ્રિતના જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૩૦/- | પ્રિયાંશુ સુરેશભાઈ હીરાણી | મિરજાપર | જન્મદિવસ નિમિત્ત શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૦/- | રુપાલી કેશરાભાઈ ખેતાણી | ફોટડી હાલે નાશિક | ધો.૧૦મામાં સારા માર્કસથી પાસ થતાં શ્રી નરનારાયણદેવને ભેટ |
| ૨૫૦/- | કેશરાભાઈ વિશ્રામ ખેતાણી | ફોટડી હાલે નાશિક | નવી બાઈક ખરીદી તે નિમિત્તે શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | કાન્તાબેન નારણભાઈ પિંડોરીયા | ભુજ | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | ખુશ ભાવેશભાઈ પિંડોરીયા | ભુજ | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | નીતાબેન ભાવેશભાઈ પિંડોરીયા | ભુજ | જન્મદિવસ નિમિત્તે શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | હિરલ લક્ષ્મણભાઈ વેકરીયા | ભુજ | જન્મદિવસ નિમિત્તે શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | નારણ ભીમજી પિંડોરીયા | ભુજ | શા.સ્વામી દિવ્યસ્વરૂપદાસજીના જન્મદિવસ નિમિત્તે ભુજ |
| ૫૦૦/- | રમેશ માવજી કેરાઈ | રામપર-વેકરા | પુત્ર જન્મ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | પ્રેમજી વિશ્રામ પાંચાણી | ભક્તિનગર માનકુવા | લગ્ન 'એનીવર્સરી' નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૦/- | ખુશ ગોવિંદ સેંઘાણી | નારણપર | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૦૧/- | કિશોર લક્ષ્મણ ગાંગજીયાણી | દહીંસરા | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૦૦/- | હીરજી હરજી વરસાણી | ભારાસર | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦/- | ઈશ્વરલાલ નાનજી નાકરાણી | આમારા | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | મિતેશ રમેશ લાલજી કેરાઈ | નારણપર | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | શ્રી નરનારાયણ કન્સ્ટ્રક્શન કાં.<br>હ. મુકેશભાઈ વરસાણી | કોડકી | હિંડોળા ઉત્સવ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
























(૧) ગુરૂપુર્ણિમાના પર્વ નિમિત્તે ત્રીરાત્રીય સત્સંગ સભા - ભુજ. (૨) ગુજરાતના નવા મુખ્યમંત્રી બન્યા પછી પહેલીવાર કચ્છમાં પધારેલ માનનીય મુખ્યમંત્રી આનંદીબહેન પટેલનું ભુજ મંદિરના ટ્રસ્ટીઓ તથા સાં.યો. મહંત સામબાઈ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.-ભુજ. (૩) ભારતદેશના અનેક રાજ્યોમાં રહેતા કચ્છના હરિભક્તોને કથાવાર્તા અને સત્સંગનો લાભ આપવા જતા સંતોને વિદાય આપતા પ.પૂ. મહંત સ્વામી - ભુજ. (૪-૮) સુવર્ણ મંદિર, હિંડોળા તથા પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કરતા સંતો સાથે યજમાનશ્રીઓ - માંડવી. (૯-૧૦) જગન્નાથ ભગવાનના રથને ખેંચતા સંતો તથા રથયાત્રામાં જોડાયેલ માંડવીની આગીયાર યુવક મંડળની મંડળીઓ - માંડવી.




























(૧-૩) પ્રસાદી મંદિરમાં હિમાલય તથા હિંડોળા દર્શન - ભુજ. (૪-૫) સત્સંગભવનમાં ભવ્ય પુલહાશ્રમ તથા પ્રદર્શન - થાણા મુંબઈ. (૬) સહજાનંદ એરલાઈન્સ પ્લેનમાં બાર હિંડોળા દર્શન - ભુજ. (૭-૮) ભવ્ય ગિરનાર દર્શન તથા હિંડોળા દર્શન - ગાંધીધામ ગુરુકુળ. (૯) માંડવી શ્રી ઘનશ્યામ મહારાજ આગળ હિંડોળાના યજમાન સાં.યો. બહેનો - માંડવી. (૧૦) ધાર્મિક પરીક્ષા બાદ ઈનામ વિતરણ કચ્છ શ્રી નરનારાયણદેવ યુવતી મંડળ - મદનપુર. (૧૧) શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય સ્થાનાને પચાસ વર્ષ ઉપલક્ષ્મયમાં વૃક્ષારોપણ કરતા સંતો તથા ટ્રસ્ટીઓ - ભુજ